ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## સનાતન સત્યનો પ્રકાશ

આજના સાંપ્રત કાળમાં દુન્યવી વ્યવહારનું પોત પાતળું પડતું જાય છે. આજે માનવીય મૂલ્યોનો હાસ થતો માલૂમ પડે છે. સમાજમાં ચારેકોર દંભ, આડંબર, ઈર્ષા, સ્પર્ધા, અપ્રમાણિકતા, અસહિષ્ણુતાનો પ્રવાહ જ્યાં-ત્યાં ઉદ્દીયમાન થતો પ્રતીત થાય છે. આપણા ભાતીગળ જીવનમાં કાલિમા અને કારુણ્યતાનાં ઘટાટોપ વાદળો આચ્છાદિત બનતાં જાય છે. માનવીના હૃદયભીતરનો નિર્ઝરતો સ્નેહ-સ્ત્રોત કુંઠિત બનતો જાય છે. પ્રેમની લતિકા મૂરઝાતી જાય છે. માનવીના જીવનફલક પર કાલિમા લીંપાયેલી દ્રશ્યમાન થાય છે.


માનવીએ માનવતાની મઘમઘતી મ્હેંક ફેલાવવી હોય તો એણે સમાજના માંડવા પર લતિકા બનીને આચ્છાદિત બનવું પડશે. પ્રત્યેક મનુષ્ય સાથે મૈત્રી ભાવનાને પ્રબળ બનાવી, તાદાત્મ્યતા સાંધી એની સુરભિને મુખરિત કરવી પડશે. હૃદયભીતરની ક્રુરતા, કટૂતા અને કાલિમાને ઓગળાવવી પડશે, અસહિષ્ણુતા અને અપ્રામાણિકતાને કુંઠિત કરવાં પડશે. વિચાર, વાણી અને વર્તનમાં સૌજન્યતાને પાથરવાં પડશે. આ સનાતન સત્યનો પ્રકાશ ચારે કોર રેલાવવો પડશે. એ માટે એણે મથામણ કરવી પડશે.

■ મસ્ત મંગેરા

માહે રબિઉલ આખર ૧૪૪૨ ડિસેમ્બર - ૨૦૨૦ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasociety@yahoo.com
vohrasamachar@gmail.com
vohrasamachar@yahoo.com

## ખિરાજે અકીદત



## મર્હુમ જનાબ અહમદ મહમદ પટેલ
## તા: ૨૫/૧૧/૨૦૨૦

દેશના લોક લાડીલા નેતા, ગુજરાતના પનોતા પુત્ર, સોનીયાજીના રાજકીય સલાહકાર, કોગ્રેસના કદાવર નેતા (ચાણકય), વહોરા સોસાયટી, સુરતના મેનેજીંગ ટ્રસ્ટી, રાજય સભાના સભ્ય, **મૂળ પીરામણ** ગામ (જી.ભરૂચ) ના વતની અને સમગ્ર કૌમના નિસ્વાર્થ મુખ્લીસ હમદર્દ **જનાબ અહમદભાઇ મહમદ પટેલ સાહેબ**નો **તારીખ ૨૫/૧૧/૨૦૨૦** ના **બુધવાર**ના રોજ **દિલ્હી** ખાતે દુ:ખદ ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)** એમની દફનવિધી **તારીખ ૨૬-૧૧-૨૦૨૦** ના **જુમેરાત**ના રોજ **પીરામણ** મુકામે કરવામાં આવી છે.

જનાબ અહમદભાઇ પટેલ સાહેબએ પોતાનું સમગ્ર જીવન કોગ્રેસ પક્ષ માટે રાજનિતીમાં પ્રવૃત્ત રહેવા સાથે ઉધોગો, સહકારી સંસ્થાઓ, સહકારી મંડળીઓ, રેલ્વે પ્લેટફોર્મ્સ, રેલ્વે સ્ટોપેજીસ, નેરોગેજ, બ્રોડગેજ રેલ્વે લાઇનો નર્મદા નદી પરના મોટા રીવર બ્રીજ, રેલ્વે ગામડા-શહેરના જોડતા ઓવર બ્રીજો, ચેરીટેબલ ટ્રસ્ટો, મસ્જીદો, મંદિરો, ચર્ચો, ગુરૂદ્વારાઓ, મદ્રેસાઓ, સ્કુલો, કોલેજો,બેંકોથી માંડીને સ્મશાનો, કબ્રસ્તાનો જેવા અસંખ્ય ધાર્મિક, સામાજીક, સાર્વજનિક અને શૈક્ષણિક સંસ્થાઓને કોઇપણ જાતના ભેદભાવ વગર અમુલ્ય સેવાઓ આપી હતી.

મર્હુમ અહમદભાઇ ફકત સાંસદ સભ્ય તરીકે જ નહીં પરંતુ અંગત વ્યકિત તરીકે પણ કેટલાયે ગરીબો, યતીમો, બેવાઓ, જરૂરતમંદો અને દુ:ખીયારાઓના હામી હતા.

એઓ હંમેશા સંઘર્ષના સમયે માર્ગદર્શકની ભુમિકા અદા કરનાર વફાદાર, ઇમાનદાર, કદાવર, માનવતાવાદી, ખિદમતના મેદાનમાં બિનહરીફ સાચા પ્રજા સેવક દિગ્ગજ રાજનેતા અને ખાદિમે હિંદ હતા.

એમની ચિર વિદાયથી આપણી વહોરા સોસાયટી સહિત સમગ્ર કૌમ, સમગ્ર સમાજ અને દેશે કદી ન પુરાય શકે એવા એક સાચા રેહબર ગુમાવ્યા છે. જેની ખોટ સદીઓ સુધી પુરી શકાય એમ નથી.

અલ્લાહપાક એમણે કરેલી સેવાઓ, ખિદમાતો અને એમની સહાદતને કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો આપી જન્નતુલ ફિરદોસમાં આલા મકામ અતા ફરમાવે અને તમામ કુટુંબીજનોને સબ્રેજમીલ અતા ફરમાવે. **આમીન.**

**વહોરા સોસાયટીના તમામ કાર્યકરો તથા વહોરા સમાજનો સમગ્ર પરિવાર એમના દુ:ખમાં સહભાગી છે.**

**ખાસ નોંધ :- માનનીય જ. અહમદભાઇ પટેલ સાહેબ (એમ.પી.) ના માનમાં વહોરા સમાચારનો જાન્યુઆરી ૨૦૨૧ નો વિશેષ અંક પ્રસિધ્ધ કરવામાં આવશે. ઇન્શાઅલ્લાહ.**

## વહોરા સમાચાર

- **હદીશ શરીફ**

લેવા વાળા હાથ કરતાં આપવાવાળા હાથ બહેતર છે.

યુકિત એ વિચાર કરવાથી મળેલો ફાયદો છે.

કોઈપણ માણસના દિલમાં ઈમાન અને ઈર્ષ્યા-અદેખાઈ સાથે રહી શકતા નથી.

- **ચિંતન**

ગઈકાલે તમે કયાં હતા તે મહત્વનું નથી. આજે તમે કયાં છો તે પણ મહત્વનું નથી, પણ આવતી કાલે તમે કયાં જવા માંગો છો તે જ અતિ મહત્વનું છે.

**અંક : ૧૨**

**માસ: - ડિસેમ્બર ૨૦૨૦**

**માહે: રબિઉલ આખર ૧૪૪૨**

**તંત્રી : મસ્ત મંગેરા**



- **મુકતક**

નેમ બોલેલું હંમેશા પાળવાની રાખજે,
ટેવ એના મૂલ્યને અંદાજવાની રાખજે;
શબ્દની આગળ જવાનું જો ગજું ના હોય તો-
નેમ તારા શબ્દની પાછળ જવાની રાખજે.

- **મુહમ્મદ યુસુફ પટેલ - અગમ**

- **બે શે'ર**

કોઈ સમઝા ન શકા મહેફિલે દુનિયા કયા હૈ,
ખેલતા કૌન હૈ ઔર ખિલોના કયા હૈ

***

સોને વાલે તો નહીં સમજેગેં ઉઠના કબ હૈ
જાગને વાલે બતા તેરા ઈરાદા કયા હૈ

## ■ તંત્રી સ્થાનેથી...!

### આપણા સમાજને આઘાત પર આઘાત !

આપણા સમાજમાં હાલમાં જે અત્યંત દુઃખદ ઘટનાઓ બની રહી છે તે આપણું હૈયું હચમચાવી મૂકે છે. આપણને નિરાધાર થઈ ગયાનો અહેસાસ થઈ રહયો છે.

જેમને કદી ભૂલાઈ નહીં એવા આપણા દિગ્ગજ નેતાઓ આપણી વચ્ચે રહયા નથી. એનો જેટલો અફસોસ કરીએ તેટલો ઓછો છે.

સમાજના એક તદ્દન ચોખ્ખા અને તમામ વર્ગના લોકો સાથે મહોબ્બત રાખનાર લોકલાડીલા અહમદભાઈ પટેલ સાહેબ આપણી વચ્ચે રહયા નથી એની હું તેમજ સમાજ અને સમગ્ર પ્રજાજન દુઃખદ લાગણી અનુભવી રહયા છીએ.

કદી ન કલ્પેલું એવો દુઃખદ પ્રસંગ બની ગયો. અહમદભાઈ માટે આપણે આવું વિચારેલું પણ નહીં. એમણે સમાજ/દેશની જે સેવા કરી છે તે કદી ભૂલાશે નહીં.

એમના માટે આપણે દુઆ કરીએ અને અલ્લાહ પાક જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચત્તમ દરજજો આપે.

આ દુઃખદ પ્રસંગે એમના કુટુંબીજનો સબ્રે જમીલ અતા ફરમાવે એવી દિલી દુઆ સાથે

**આગામી અંકમાં વિશેષ લોકોની એમના માટેની લાગણી પ્રગટ કરીશું. ઈન્શાઅલ્લાહ**

નોંધ: વહોરા સમાચારનો આ અંક પ્રગટ થતાં - મારા તંત્રી પણાના ૪૦ વર્ષ પૂરાં થાય છે. સાથે સૌની મારા પ્રત્યેની લાગણી અને અલ્લાહ તઆલાની બેહિસાબ મહેરબાનીના કારણે આ શકય બન્યું છે. જઝાકલ્લાહો ખયરા.

- **મસ્ત મંગેરા(કાંગવઈ)**

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

**તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત**
**પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.**

## ● અલ્લાહની અદાલત

• મુસાજી દીપક બારડોલીકર

પુનૅજીવનની અદભૂત્ ઘટના પછી બધી મખલૂક મહશરમાં ઉભી હશે ત્યારે સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર અલ્લાહ તઆલા મહશરમાં પધારશે. અર્શે આઝમ પર બિરાજમાન થઈ ન્યાય તોળશે. એ પ્રસંગે ત્યાં ન્યાય તરાજુ પણ સ્થાપિત કરાયું હશે અને કિતાબ યાને લોકોની કર્મપોથી ખુલ્લી મુકાઈ હશે. જેનો આછો ખયાલ આપતાં કલામે પાકમાં કહેવાયું છે :

અને પૃથ્વી તેના માલિકના નૂરથી ઝગઝગી ઉઠશે અને કિતાબ ખુલ્લી મૂકાશે. અને પયગમ્બરો તથા સાક્ષીઓને હાજર કરવામાં આવશે. અને તેમની(લોકોની)વચ્ચે ફૅંસલો સચ્ચાઈપૂર્વક કરવામાં આવશે. તેમને અન્યાય કરવામાં નહીં આવે. (અઝ ઝુમર : ૬૯)

અદલ-ઈન્સાફ કરનારી આ અદાલતમાં દરેકને તેણે જેવું ને જેટલું કર્યું હશે તેવો બદલો મળશે. ન વકીલ, ન દલીલ. એની આવશ્યકતા જ નહીં હોય. કેમ કે દરેકનું કર્મપત્રક તૈયાર હશે, જેની અંદર એ જ લખાયું હશે કે જે અને જેવું તેણે કર્યું હશે. એ પત્રક દરેક વ્યકિત પર મુકરૅર કરાયેલા ફિરસ્તા, કિરામન કાતિબિને લખ્યું હશે. અને એની અંદર રજભર ઓછું-વત્તું નહીં હોય.

### ▪ પ્રથમ મૂંગી મખલૂક :

અલ્લાહ જલ્લ શાનહુની અદાલતમાં સૌ પ્રથમ મૂંગી મખલૂક યાને પશુઓ તથા જીવાતોના કેસ પેશ થશે અને ત્યાર પછી માનવજાતના કેસો હાથ ધરાશે. આ સંદર્ભે ઈબ્ન કસીર અદ-દમિશ્કી નોંધે છે કે : અહાદીસ અને કુરઆને કરીમ અનુસાર પુનૅજીવનના દિવસે પ્રાણીઓને પણ સજીવન કરવામાં આવશે અને અલ્લાહ તઆલા તેમના કેસોનો ફૅંસલો કરશે.

અને બયહકી, તબરાની આદિએ નોંધેલી હઝરત અબૂ-હૂરયરહ(રદિ.)નો હવાલો ધરાવતી એક પ્રલંબ હદીસમાં દર્શાવાયું છે કે : અલ્લાહ તઆલા મહશરમાં સૌ પ્રથમ પશુપક્ષી તથા જીવાતોનો ન્યાય તોળશે. શિંગડાવાળા ને શિંગડા રહિત ઘેટાંની ફરિયાદો નીપટાવશે. અને ત્યાર પછી તેમને(પ્રાણીઓને)કહેશે, માટી થઈ જાઓ - એ સમયે શ્રધ્ધાહિન ઈચ્છશે- કાશ, હું માત્ર માટી હોત !(હદીશનો અંશ)

કુરતુબી કહે છે કે પ્રાણીઓની માટીની ધૂળ ગુનેગાર ઈનસાનોનાચહેરા પર વેરાશે, જેમ કે કલામે પાકમાં ઈર્શાદે ઈલાહી છેઃ અને કેટલાક ચહેરા એ દિવસે ધૂળછાયા હશે.(૮૦:૪૦)

### ▪ ગુનેગારો અલગ :

અહીં ન્યાય વિશેની કારવાઈ શરૂ થશે ત્યારે શ્રધ્ધાહિનોને શ્રધ્ધાવાનોથી અલગ કરી દેવામાં આવશે. તેમને સૌને ડાબા હાથ પરના છેલ્લા ખૂણે ઉભા કરવામાં આવશે. જયારે શ્રધ્ધાવાનોનું સ્થાન અર્શના જમણા પડખે હશે. તેમનામાંના કેટલાક અર્શે આઝમની સામે ઉભા રહેશે. અહીં અલ્લાહ તઆલા કહેશે, ઓ ગુનેગારો, આજે તમે અલગ થઈ જાઓ.(૩૬ :૫૯)

અને કલામે પાકમાં આમ પણ કહેવાયું છે :

અને તમે દરેક જૂથને ગોઠણભેર ઝૂકેલું જોશો. દરેક જૂથને તેના કર્મપત્રક તરફ બોલાવવામાં આવશે.(અને કહેવામાં આવશે.) તમે લોકો જે કરતા રહયા હતા તેનો બદલો આજે તમને અપાશે.(૪૫:૨૮)

અહાદીસમાં આમ પણ દર્શાવાયું છે કે સૌથી પહેલો ન્યાય ઉમ્મતે મુહમ્મદીનો કરાશે. સૈયિદિના અબૂ હુરયરહ(રદિ.) વર્ણવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, આપણે છેલ્લા(પણ) પુનૅજીવનના દિવસે આપણે પહેલા છીએ.(બુખારી, મુસ્લિમ) એક બીજા વર્ણન પ્રમાણે તેમનો ન્યાય(સૌ)મખલૂકની સામે શરૂ થશે.(મુસ્લિમ)

અને સૈયિદિના ઈબ્ન અબ્બાસ(રદિ.)નો હવાલો ધરાવતી એક હદીસ પ્રમાણે ઉમ્મતોમાં આપણે છેલ્લા મગર ન્યાયતોલનમાં પહેલા છીએ. (ઈબ્ને માજા, મુસનદ અહમદ)

### ▪ ન્યાય તરાજુ :

અલ્લાહની એ અદાલતમાં અદભૂત એવું એક ન્યાયતરાજુ સ્થાપિત કરાશે. નેકી-બદી, પાપ-પુણ્ય વગેરેનો એની અંદર તોલ થશે. કલામે-પાકમાં એ વિશે કહેવાયું છે :

અને પુનૅજજીવનના દિવસે અમે એક તટસ્થ (વાજબી)તરાજુ સ્થાપિત કરીશું તો જેથી કોઈની સાથે સહેજ પણ અન્યાય કરાશે નહીં. અને અગર રાઈના દાણા જેટલુંય વજન હશે તો અમે તેને (હિસાબમાં)લઈ આવીશું. અને હિસાબ માટે અમે પૂરતા છીએ.(અલ-અંબિયા-૨૧ :૪૭)

સૂરહ લુકમાનમાં, આ વાત જરા જુદી રીતે કહેવાઈ છે.(અને લુકમાને કહયું)ઓ મારા પુત્ર, અગર (કર્મનું)વજન રાઈના દાણા જેટલુંયે હોય અને તે અગર કોઈ પથ્થરની અંદર હોય યા આકાશમાં યા જમીનની અંદર(ગુપ્ત)હોય, તો અલ્લાહ તેને (પુનૅજીવનના દિવસે)સામે લઈ આવશે. નિઃશંક, અલ્લાહ કુશાગ્ર દષ્ટા અને સુજાણ છે.(૩૧:૧૬)

મતલબ કે કર્મ ગમે એવડું, ગમે એવું અને ગમે ત્યાં હોય, ન્યાયતરાજુમાં લવાશે. અને જેનું પલ્લું નમી ગયું તે કામિયાબ.

## ■ ત્રણ જૂથોમાં વર્ગીકરણ :

પુનૅજીવનના દિવસે મહશરમાં, લોકોનું ત્રણ જૂથોમાં વર્ગીકરણ કરાશે. એક તે લોકોનું જૂથ, જે વિશ્વમાં ઈમાન અને અમલની બાબતમાં સૌથી આગળ રહયા હતા. બીજા તે, જે સર્વોત્તમથી ઉતરતી કક્ષાના કે જેમને કુરઆનમાં જમણી તરફના લોકો કહેવાય છે. અને ત્રીજું જૂથ શ્રધ્ધાહીન દુરાચારીઓનું હશે. જેમને કુરઆનમાં ડાબી તરફના કહયા છે.

જમણી તરફના લોકોને તેમના કર્મપત્રક જમણા હાથમાં અપાશે. એ સદભાગીઓ વિશે કુરઆને કરીમમાં કહેવાયું છે :

તો જેને તેનું કર્મપત્રક જમણા હાથમાં અપાશે તેનો હિસાબ તરત કરાશે. એક આસાન હિસાબ અને તે પોતાના પરિવારમાં ખુશખુશાલ પાછો ફરશે.(ઈન્શિકાક-૩૦ :૭-૯)

પરંતુ જેને તેનું કર્મપત્રક ડાબા હાથમાં પીઠ પાછળથી અપાશે તે રડી ઉઠશે.

અને તે કે જેને તેનું કર્મપત્રક ડાબા હાથમાં અપાશે તે કહેશેઃ કાશ, મારું કર્મપત્રક મને ન અપાયું હોત. અને આ કે હિસાબ કેવો છે તે મેં કદી જાણ્યું ન હોત. કાશ, મૃત્યુએ મારો સર્વનાશ કરી નાખ્યો હતો. મારા ધનથી મને કંઈ લાભ થયા નહીં. મારી સત્તા મારા હાથમાંથી સરી ગઈ છે.(અલ-હાકકા-૬૯ :૨૫-૨૯)

અને સૂરહ અલ-ઈન્શિકાકમાં કહયું છેઃ તે નાશને પોકારશે અને ભભૂકતા અગ્નિમાં હોમાશે.(૮૪ :૧૧-૧૨)

એ હશે ઈમાનહીન, અલ્લાહના એકત્વનો ઈન્કાર કરનારા, દુરાચારીઓ, પુનર્જીવનના દિવસે તેમની દશા અત્યંત ઈબ્રતનાક હશે. તેમના મુકાબલે શ્રધ્ધાવાનો ખુશખુશાલ હશે. અને ઈમાનમાં-અમલમાં પ્રથમ ક્રમે રહેનારાઓ વિશે કલામે પાક કહે છે : આ તે હશે જે અલ્લાહથી નિકટ હશે, હર્ષોલ્લાસના બાગમાં.(અલ-વાકીઆ-૫૬ :૧૧-૧૨)

વિશેષમાં, એ દિવસે શ્રધ્ધાહીનો વિશે કુરઆને કરીમમાં દર્શાવાયું છે તે પ્રમાણેઃ નિ:શંક એ લોકો પોતાના માલિકના નૂરથી વંચિત કરી દેવાશે. જહન્નમમાં ઝોંકાશે અને અઝાબ તેમને ઉપરથી તથા નીચેથી આવરી લેશે.

## ■ મુકિતદંડ :

આખેરતની શિક્ષા એવી આકરી હશે કે ગુનેગારો એનાથી બચવા માટે કંઈ કેટલી યુકિતઓ વિચારશે. તેઓ તેમના છોકરાંછૈયા સુધ્ધાં આપી દેવાને તૈયાર થઈ જશે. પણ હતાશ થવું પડશે. એવો કોઈ મુકિતદંડ સ્વીકારાશે નહીં . છૂટકારો થશે નહીં. શિક્ષા ભોગવવી જ પડશે. જુઓ અલ્લાહ જલ્લ શાનહૂના શબ્દો શું કહે છે :

ગુનેગારો ઈચ્છશે, એ દિવસની શિક્ષાથી બચવા માટે મુકિતદંડ પેટે તે પોતાના સંતાનો આપી દે. પોતાની પત્ની અને પોતાના ભાઈ અને પોતાનું કુટુંબ, જેણે તેને આશ્રય આપ્યો હતો. અને તે, જે આ ધરતી ઉપર છે, આપી દે કે જે તેને શિક્ષાથી બચાવી શકે. પણ નહીં (એમ નહીં થાય)એ જહન્નમની આગ હશે, શેકી નાખવાને ઉત્સુક.(અલ-મઆરિજ-૭૦ :૧૧-૧૬)

મતલબ કે ઈમાનહીન ગુનેગારની કોઈ યુકિત ફળશે નહીં. અને તેઓ તથા તેમણે ઘડી કાઢેલા ખુદાઓ, શરીકો-સમોવડો સૌ જહન્નમનું ઈંધણ બનશે. હંમેશા તેમાં બળશે.

## ■ અંગો બોલશે :

કર્મપત્રકમાં માણસના દરેક કર્મની નોંધ હશે. એ સિવાય માણસના અંગો પણ તેની વિરુધ્ધ સાક્ષી પુરાવશે. કલામે પાકના શબ્દોમાં કહીએ તોઃ અને તેમના કાન, તેમની આંખો અને તેમની ત્વચા તેમની વિરુધ્ધ, તેમનાં કર્મો વિશે ગવાહી આપશે. (ફુસ્સિલાત-૪૧ :૨૦)

અત્રે આ હદીસ ખાસ નોંધપાત્ર છે, હઝરત હકીમ ઈબ્ને મુઆવિયા તેમના પિતા હ્વારા વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલલાહુ અલયહિ વસલ્લમે કહયું, આદમની ઔલાદના જે અંગો સૌ પ્રથમ બોલશે તે છે તેની સાથળ(જાંઘ) અને તેના કાંડા.(મુસનદ અહમદ, કન્ઝૂલ ઉમ્માલ.હદીશનો અંશ)

સૈયિદિના અબૂ-હૂરયરહ(રદિ.)નો હવાલો ધરાવતી એક હદીસ અનુસાર રસૂલુલ્લાહ સલ્લલલાહુ અલયહિ વસલ્લમે સૂરહ ઝિલહાલની આ આયતો પઢીઃ એ દિવસે તે (ધરતી) તેનું વૃત્તાાંત વર્ણવશે. કેમ કે તમારા માલિકે તેને (એમ કરવાની)પ્રેરણા આપી હશે.(૯૯ :૪-૫)

અને પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પૂછયું, તમે જાણો છો, એ શું વર્ણવશે ? તેમણે કહયું, અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ બહેતર જાણે છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, તેનું વર્ણન(વૃત્તાંત) આ હશે કે તેની સપાટી ઉપર કરાયેલા કૃત્યો વિશે દરેક વ્યકિત વિરુધ્ધ તે સાક્ષી પૂરાવશે. તે કહેશે કે આ અને તે ફલાણા દિવસે(સમયે)કર્યું હતું. આ તેનું વૃત્તાંત હશે.(તિરમીઝી, મુસનદ અહમદ)

એક તરફ માણસની સાથે વિશ્વમાં હંમેશ રહેનારા કિરામન-કાતિબીનના હસ્તે લખાયેલું કર્મપત્રક હશે. એ સિવાય તેના પોતાના અંગો તેની વિરુધ્ધ સાક્ષી પૂરાવશે અને જમીન પણ તેના કૃત્યોની પોલ ખોલશે. આથી તેની પાસે બચાવનો કોઈ માર્ગ રહે નહીં. સિવાય કે અલ્લાહ તેના પર રહમ કરે. અને અલ્લાહ, નિ:શંક મહાકૃપાવાન છે. મહા દયાવાન છે. ■

## • ગુજરાતના સમાજ-સંસ્કૃતિમાં મુસ્લિમ સમુદાય

ગુજરાતના વર્તમાન અને ભૂતકાળમાં થયેલા આર્થિક વિકાસમાં સૌનું પ્રદાન છે એવું કહીએ એ આવકાર્ય છે. પરંતુ રાજયના વિવિધ સમૂહોએ પણ તેનો આગવો ફાળો આપ્યો છે. જો કે આ સંદર્ભની ચર્ચા અને લખાણોમાં મુસ્લિમ સમુદાયના પ્રદાનને ભૂલી જવાય છે અથવા તો નજર અંદાજ કરવામાં આવે છે. રમજાન મહિના દરમિયાન અને શુક્રવારે ઉજવાયેલી ઈદના દિવસે મુસ્લિમ સમાજ અને સંસ્કૃતિ આંખે ઉડીને વળગે છે. રાજયમાં કેટલાક સ્થળોએ આ તહેવારમાં હિન્દુ-મુસ્લિમ એકતાના દર્શન પણ થાય છે. આ સિવાય સમગ્ર વર્ષ દરમિયાન મુસ્લિમ સંપ્રદાય કે ઈસ્લામ વિશેની ચર્ચાઓ ભાગ્યેજ દેખા દે છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ભારતમાં ઈસ્લામને વિદેશી ધર્મ અને મુસ્લિમોને વિદેશી પ્રજા ગણવામાં આવે છે. સામે એ પણ સત્ય છે કે પારસીઓની જેમ મુસ્લિમો પણ ભારતમાં દૂધમાં સાકર ભળે એમ ઓતપ્રોત થયા છે. આ પ્રક્રિયાને દર્શન આપણને મુસ્લિમોના અનેકવિધ ક્ષેત્રમાં થયેલા પ્રયત્નો અને પ્રદાનમાં જોવા મળે છે.

ગુજરાતમાં મુસ્લિમોની વસ્તી ૯ ટકા છે. ભારતના કેટલાક રાજયો જેવા કે પં.બંગાળ, કેરળ, બિહાર, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ વગેરેમાં મુસ્લિમોની વસ્તી ૧૫ ટકાથી પણ વિશેષ છે. તેનો અર્થ એ થયો કે ગુજરાતમાં હિન્દુઓની ભારે બહુમતી વચ્ચે મુસ્લિમ લઘુમતીનું અસ્તિત્વ છે. ગુજરાતમાં કચ્છ, ભરૂચ અને જૂનાગઢ જિલ્લાઓમાં તેઓ અન્ય જિલ્લાઓ કરતાં વધુ છે. એજ રીતે અમદાવાદ, સુરત, વડોદરા શહેરોમાં પણ તેમનું પ્રમાણ ધ્યાનાકર્ષક છે. ગામ અને શહેરની દ્રષ્ટિએ મુસ્લિમો મહદ્અંશે શહેરી પ્રજા છે તેમ છતાં કચ્છ અને ભરૂચ જિલ્લાના અનેક ગામોમાં તેઓ વસ્તીની દ્રષ્ટિએ મહત્વના છે.

મુસ્લિમો આપણે અગાઉ નોંધ્યું તેમ ભૂતકાળમાં દેશ બહારથી આવ્યા અને શાસકો તરીકે પણ સ્થપાયા.તેને કારણે પણ તેમનો પ્રભાવ દેશભરમાં જોવા મળે છે.પરંતુ ગુજરાતની વાત કરીએ તો રાજયની સિત્તેર ટકાથી પણ વધુ વસ્તી રાજય બહારથી(ભારતમાંથી) આવીને ઠરીઠામ થયેલી છે. વર્ષ ૧૯૮૦માં એન્થ્રોપોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા ધ્વારા પ્રકાશિત થયેલા પીપલ ઓફ ઈન્ડિયા અભ્યાસ ગ્રંથ શ્રેણીમાં નોંધ્યું છે કે ગુજરાતમાં ૭૦ ટકાથી વધુ સંપ્રદાયોએ પોતે રાજય બહારથી આવેલા છે એમ દર્શાવ્યું છે. ગુજરાતના ૨૮૯ સંપ્રદાયોમાંથી ૧૨૪ હિન્દુ સંપ્રદાયો કે જ્ઞાતિ(કુલ ૧૮૬માંથી) રાજય બહારથી સ્થળાંતર કરીને ભૂતકાળમાં ગુજરાતમાં સ્થાયી થઈ છે. એ જ રીતે મુસ્લિમોના (૮૭ સંપ્રદાયોમાંથી) ૬૭ સંપ્રદાયો અને જૈનોના ૧૨ સંપ્રદાયોએ એ દર્શાવ્યું કે તેઓ મૂળભૂત રીતે ગુજરાત બહારના રાજયો કે પ્રદેશોમાંથી અહીં વસ્યા છે. રસપ્રદ એ છે કે ગુજરાતમાં ખેતી સાથે સંકળાયેલા ૭૦ ટકા, માછીમારી કરતા ૭૦ ટકા અને કારીગર સમૂહોના ૪૦ ટકાનું મૂળ વતન અન્ય પ્રદેશોમાં હતું. રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ ભારત બહારથી પણ ગુજરાતમાં ભૂતકાળમાં મોટાપાયા પર સ્થળાંતર થયું

અઢારમી સદીમાં પ્રકાશિત થયેલા 'મિરાતે અહેમદી' ગ્રંથમાં દર્શાવ્યું છે કે સૈયદોના સમૂહો જેવા કે શિરાઝી, બુખારા, ઈદ્રુસી અને તિરમિઝી પશ્ચિમ અને મધ્ય એશિયાના સ્થળો સાથે સંબંધિત છે. સમગ્ર ભારતમાં ગુજરાતમાં સૌથી વધુ ભિન્ન મુસ્લિમ સંપ્રદાયો વસવાટ કરે છે. જેમાં અનેક પ્રાદેશિક નામો નોંધવાલાયક છે. જેમ કે આરબ, તુર્કી, કાબુલી, મુલતાની, મકરાણી, બલુચી, પઠાણ, સિંધી અને મુઘલ. મુસ્લિમોમાં જોવા મળતું સાંપ્રદાયિક વૈવિધ્ય એ તરફ આપણું ધ્યાન દોરે છે કે તેઓ ગુજરાતમાં સદીઓથી સ્થાયી થયા છે અને દેશ-વિદેશની ભાતીગળ સંસ્કૃતિને પણ સાથે લાવ્યા છે. આ વૈવિધ્યતા અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ બિનમુસ્લિમોના ધ્યાન પર ના આવે કે તેને વિસરી જવાય તો રાજયની સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ અવશ્ય ઝાંખી પડે. રાજયમાં ઠેર ઠેર આવેલી મુસ્લિમોની મસ્જિદો, મદરેસા કે અન્ય ઐતિહાસિક ઈમારતો ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને પણ દેશભરમાં પ્રતિષ્ઠા અપાવે છે. 'ખુશ્બુ ગુજરાત કી'માં આ સંદર્ભના સ્થળો અને ઈમારતોને દ્વારકા, અંબાજી, સોમનાથ કે સિધ્ધપુરની સાથે મહત્વ મળવું જોઈએ.

તાજેતરમાં અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિષયના અનુસ્નાતક વિભાગના વિદ્યાર્થીઓને લઈને લેખક ત્યાંની સુપ્રસિધ્ધ જામા મસ્જિદની મુલાકાતે લઈ ગયા. એકસોથી વધુ વિદ્યાર્થીઓ અપવાદ બાદ કરતાં તમામ હિન્દુ વિદ્યાર્થીઓ હતા. પ્રથમવાર જ મસ્જિદમાં તેમણે પ્રવેશ કર્યો. ત્યાંની વિશાળ જગ્યા, ઈમારત, કોતરણી અને ધર્મભાવના જોઈને તેઓ પ્રભાવિત થયા. વર્ષોથી અમદાવાદમાં રહેતા હોવા

છતાં જામા મસ્જીદ પાસેથી વખતોવખત પસાર થવા છતાં તેમણે કદી અંદર ડોકિયું કર્યું ન હતું. પરંતુ રમજાન મહીનામાં આ મુલાકાત બાદ તેઓને ઈસ્લામ અને મુસ્લિમ લોકોનો વિશેષ પરિચય થયો.

હિંદુઓનો તહેવાર દિવાસે, મુસ્લિમોની ઈદ, શ્રાવણ મહિનાના પ્રારંભની સાથે છેક દીવાળી સુધી અનેક તહેવારો ગુજરાત અને દેશમાં પણ ઉજવાશે. આ તહેવારો અનેક રીતે વિભિન્ન ધર્મોની સહિયારી સંસ્કૃતિ અને ભાગીદારીના પ્રતિક બની ગયા છે. નજીકના દિવસોમાં હિંદુઓની રક્ષાબંધનની ઉજવણીમાં રાખડી બનાવનારા કારીગરોમાં મુસ્લિમોનું પ્રમાણ નોંધપાત્ર છે. વળી તેઓ કુદરતને ચઢાવાતી પવિત્રા તેમજ અન્ય સામગ્રીઓ પણ બનાવે છે. મકરસંક્રાંતિનો પતંગ ઉડાડવાનો આનંદ મુસ્લિમોની પતંગ કારીગરી સિવાય ફિકકો જ લાગે. વસ્તુઓ બનાવવાની કારીગરી મુસ્લિમો પાસે છે તેનો સમગ્ર લાભ સમાજને મળી રહયો છે એ ન ભૂલવું જોઈએ. વળી મહેનત-મજૂરીવાળી કારીગરી જેમાં વાહન રીપેરીંગ પછી તે સાયકલ, ટુ-વ્હીલર કે મોટરકાર કેમ ના હોય. તેમાં તેઓની કર્મઠતા અને પ્રામાણિકતાનો સૌને અનુભવ છે.

ગુજરાતને વેપાર અને ઉદ્યોગ સાથે વિશેષ સંબંધ છે એવું રટણ આપણે કરીએ ત્યારે એ યાદ રહે કે તેમાં મુસ્લિમ વેપારીઓ અને સ્વરોજગાર કરનારાઓનો નોંધપાત્ર ફાળો છે. કાપડ અને કાગળ કે પછી નાની-મોટી દુકાનોમાં ચીજવસ્તુઓનો વેપાર એ સૌમાં વોરા અને ખોજાઓની ભૂમિકા કોનાથી અજાણી છે. આજથી સવાસો વર્ષ પૂર્વે ૧૮૬૧ અને ૧૮૭૪માં સુરતમાં કાપડની મિલ મુસ્લિમોએ શરૂ કરી હતી. હાલના સમયમાં સુરત કાપડ ઉત્પાદનમાં ઘણા દેશોમાં નામાંકિત છે તેનો યશ મુસ્લિમ ઉદ્યોગ સાહસિકોને જાય છે. એ જ રીતે અમદાવાદમાં તૈયબજી પરિવારે વર્ષે ૧૯૧૨માં કાપડની મિલ શરૂ કરી હતી.

વેપાર-ઉદ્યોગમાં પરિશ્રમ અને આગવી સૂઝબૂઝના દર્શન મુસ્લિમોએ કરાવ્યા તો સાથે પોતાની કોમને સ્થિર કરવામાં પણ તેઓ કદી પાછા નથી પડયા. શિક્ષણમાં ઉર્દૂ-અરબી વાંચતા-લખતા તો સૌને કર્યા તેની સાથે આધુનિક શિક્ષણમાં ધીમી અને મકકમ ગતિએ આ સંપ્રદાય આગળ વધી રહયો છે. સુરતમાં સ્થપાયેલી ઈસ્લામની અભ્યાસની યુનિવર્સિટી અને વોરા,ખોજા અને મેમણ જેવી વેપારી મુસ્લિમ પ્રજાએ શ્રીમંતાઈની સાથે આધુનિક શિક્ષણને વિશેષ મહત્વ આપ્યું. બદરૂદીન તૈયબજી જેઓ વોરા સંપ્રદાયના અને મૂળ ખંભાતના હતા.તેઓએ ૧૮૭૬માં 'અંજુમને ઈસ્લામ'ની સ્થાપના કરી મુસ્લિમ બાળકો, કિશોરો અને યુવાનો માટે શિક્ષણના દ્વાર ખોલી આપ્યા હતા. જૂનાગઢમાં વઝીર બહાઉદીને વર્ષે ૧૮૮૦માં શાળા અને પાછળની કોલેજ શરૂ કરી જે આજે બહાઉદીન કોલેજના નામે રાજયભરમાં જાણીતી છે. અમદાવાદમાં વર્ષે ૧૮૮૪માં અંજુમને ઈસ્લામ દ્વારા પ્રથમ ઉર્દૂ શાળા શરૂ થઈ. જેમાં ૧૫૨ વિધાર્થીઓ દાખલ થયા. તમને જાણીને આશ્ચર્ય લાગશે કે છેક ૧૮૯૪માં અંજુમને ઈસ્લામે અમદાવાદમાં શૈક્ષણિક કોન્ફરન્સનું આયોજન કર્યું અને તેમાં દેશભરના એકવીસ શહેરોના પાંચસો પ્રતિનિધિઓએ મુસ્લિમોમાં શિક્ષણ વિકાસના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

શ્રમ, ઉદ્યોગ, વેપાર અને શિક્ષણમાં ગુજરાતને મોટું યોગદાન આપનાર મુસ્લિમ સંપ્રદાય આજે રાજયમાં રાજકીય પ્રતિનિધિત્વના ક્ષેત્રે છેવાડે છે. ભારતીય જનતા પક્ષના રાજમાં છેલ્લી બંને વિધાનસભાની ચૂંટણીઓમાં એક પણ મુસ્લિમ ઉમેદવાર ભજપને પસંદ ના પડય. દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાતવર્ગોને તો રાજકીય પ્રતિનિધિત્વ માટે અનામતની જોગવાઈ છે તેના પરિણામે તેઓનું યોગ્ય પ્રતિનિધિત્વ થાય છે. પરંતુ ગાંધી અને સરદારના ગુજરાતમાં મુસ્લિમો રાજકીય સત્તાથી ઠીક ઠીક વંચિત છે.

દેશભરમાં ગુજરાત જ એક એવું રાજય છે જેમાં સમયાંતરે (૧૯૬૯, ૧૯૮૫, ૧૯૯૨ અને ૨૦૦૨)માં હિંદુ-મુસ્લિમ સંઘર્ષો થયા અને તેમાં મુસ્લિમોએ ઠીક ઠીક વેઠવાનું અને ગુમાવવાનું આવ્યું છે. વર્ષે ૧૯૬૯ના કોમી તોફાનો બાદના જસ્ટીસ રેડ્ડી કમિશનનો અહેવાલ, વર્ષે ૧૯૮૫ના તોફાનો બાદનું જસ્ટિસ દવે કમિશન અને ૨૦૦૨ના કોમી સંઘર્ષો બાદના માનવ અધિકાર પંચના અહેવાલો તપાસીશું તો સમજાશે કે છ કરોડની વસ્તીવાળા ગુજરાતમાં મુસ્લિમોના પ્રદાનને વિસરાઈ જવાયું અને સાથે તેઓનું આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક અસ્તિત્વ જોખમમાં મૂકાયું. આશા છે ગુજરાતમાં સર્વધર્મ સમભાવનું વાતાવરણ સર્જાશે.

***

## ■ ઈસ્લામી માર્ગદર્શન

**● મૃત્યુ પછીનું જીવન-પરલોક**

આ જીવનનાં કર્મોનો હિસાબ ન્યાયના (કયામતના) દિવસે આપણે સર્જનહારની સામે આપવાનો છે. આ દુનિયાના કાયદામાંથી અન્યાય-પાપ કર્યા પછી છટકી શકાય છે પરંતુ ન્યાયના દિવસે, આપણે કોઈની પણ સાથે રજભાર અન્યાય કર્યો હશે તેનો પણ હિસાબ સર્જનહારની સામે આપવો પડશે. ન્યાયના (કયામત) દિવસની ધારણા વગર સત્કર્મો-દુષ્કર્મો અને માનવીય મૂલ્યની ધારણાઓ આપણે સિધ્ધ કરી(સમજાવી) શકતા નથી. આ દિવસના ભય વગર સંતુલિત જીવન શકય નથી. આપણો સર્જનહાર કહે છે - છેવટે દરેક વ્યકિતએ મરવાનું છે અને તમે સૌ પોત-પોતાનું પૂરેપુરું વળતર કયામતના દિવસે પામવાના છો. સફળ ખરેખર તે છે જે ત્યાં નર્કની આગથી બચી જાય અને સ્વર્ગમાં દાખલ કરી દેવામાં આવે, રહી આ દુનિયા, તો આ માત્ર છેતરામણી વસ્તુ છે.(કુર્આન ૩:૧૮૫)

**● ઈસ્લામ કોઈ નવો ધર્મ નથી :**

આજે લોકોમાં એક મોટી ગેરસમજ પ્રવર્તે છે કે ઈસ્લામ ધર્મના સ્થાપક મુહમ્મદ પયગંબર સાહેબ (સ.અ.વ.)છે, પરંતુ એવું નથી. સર્જનહાર કુર્આનમાં કહે છે - અમે તમને (મુહમ્મદ પયગંબર (સલ.)સત્ય સાથે મોકલ્યા છે, ખુશ ખબર આપનારા અને ડરાવનારા બનાવીને અને કોઈ સમુદાય એવો નથી થયો જેમાં કોઈ સચેત કરનાર ન આવ્યો હોય.(કુર્આન ૩૫:૨૪)

ઈસ્લામનો અર્થ થાય છે પોતાની ઈચ્છાઓને સર્જનહારને આધીન કરવી અને બીજો અર્થ શાંતિ પણ થાય છે. મુસ્લિમ નો અર્થ થાય છે આજ્ઞાંકિત, પોતાની ઈચ્છાને સર્જનહારને આધીન કરનાર. પૃથ્વી ઉપર જયારથી મનુષ્યનું અવતરણ થયું ત્યારથી આજ સુધી જેટલા પણ અલ્લાહના સંદેશવાહકો આવ્યા તે બધા જ ઈસ્લામ (અલ્લાહની ઈચ્છા મુજબ જીવન જીવવાની પધ્ધતિ) લઈને જ આવ્યા હતા અને જેમણે તેઓનું અનુસરણ કરેલું તેઓ બધા જ મુસ્લિમો (અલ્લાહની ઈચ્છાનું અનુસરણ કરનારા) કહેવાય. મુહમ્મદ પયગંબર (સલ.) પણ એજ સનાતન ધર્મ એટલે કે ઈસ્લામ જ લઈને આવ્યા છે કોઈ નવો ધર્મ લઈને નથી આવ્યા.

**● અંતિમ પયગમ્બર મુહમ્મદ(સલ.)ની જરૂરત કેમ :**

અલ્લાહે દરેક સમુદાયમાં જે સંદેશવાહકો મોકલ્યા તેમણે તે સંદેશને બરાબર જ પહોંચાડયા હતા પરંતુ તેમના ગયા બાદ લોકોએ પોતાની મનેચ્છાએ તેમના સંદેશાઓમાં ફેરબદલ કરી નાંખ્યા, સર્જનહાર કુર્આનમાં આ બાબતે કહે છે - અલ્લાહ સાક્ષી છે (હે મુહમ્મદ) અમે તમારા પહેલા જુદા જુદા સમુદાયો તરફ આદેશો મોકલ્યા પરંતુ તે પછી શયતાને તેમના દુષ્ટ આચરણોને તેમને માટે સુંદર બનાવી દીધા, એટલે આજે તે જ (શયતાન) તેમનો મિત્ર બની બેઠો છે તેથી અમે આ કિતાબ(કુર્આન) તમારા પર એટલા માટે ઉતારી છે કે તમે તે સત્ય તેમની સામે સ્પષ્ટ કરી દો જેમાં તેમની વચ્ચે મતભેદ છે. આ (કુર્આન) તેઓ માટે માર્ગદર્શન અને કૃપા બની જાય જેઓ એનું અનુસરણ સ્વીકારે. (કુર્આન ૧૬:૬૩,૬૪)

**● જાતિવાદ અને ઉંચ નીચ:**

આજના આધુનિક યુગમાં પણ જાતિવાદ, વંશવાદ અને રંગભેદ જેવા માનવમૂલ્યોને હાનિ કરનાર દૂષણ જોવા મળે છે. અલ્લાહે સૌ મનુષ્યોને એક જ મૂળ(યુગલ)થી પેદા કર્યા છે. જેના લીધે કુર્આનમાં અલ્લાહ સ્પષ્ટ પણે આદેશ આપે છે, - લોકો ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રીમાંથી પેદા કર્યા અને પછી તમારી જાતિઓ અને કબીલા બનાવી દીધા જેથી તમે એક-બીજાને ઓળખો, હકિકતમાં અલ્લાહના નજીક તમારામાં સૌથી વધુ પ્રતિષ્ઠિત તે છે જે તમારામાં સૌથી વધુ પરહેઝગાર (અલ્લાહથી ડરનાર, સંયમી)છે. નિશ્ચિતપણે અલ્લાહ સર્વજ્ઞ અને સુમાહિતગાર છે.(કુર્આન-૧૩)

અલ્લાહના અંતિમ ઈશદૂત મુહમ્મદ પયગંબર સાહેબ (સ.અ.વ.)નું કથન છે કે, - સૌ મનુષ્યો આદમ અને હવ્વા (અલ.)ની સંતાનો છે. કોઈ અરબ શ્રેષ્ઠ નથી કોઈ બિન અરબથી, ન કોઈ બિન અરબ શ્રેષ્ઠ છે કોઈ અરબથી, એજ પ્રકારે કોઈ ગોરો કોઈ કાળાથી શ્રેષ્ઠ નથી , અને ન કોઈ કાળોશ્રેષ્ઠ છે કોઈ ગોરાથી સિવાય તેના તકવા (અલ્લાહનો ડર) અને સદ્કાર્યેથી. (હદીસ-મુઅત્તા) ■

## તો આપણા થકી થોડું-ઘણું પણ માનવજાતનું ભલું થશે ખરું!

નવાઈ લાગે એવી એક વાત એ છે કે ઝઘડા માટેનાં કારણોમાં અસત્ય કરતાં સત્ય વધારે સંડોવાયેલું છે. અસત્ય માટે ભાગ્યેજ કોઈ ઝઘડો કરે છે. અને, સત્ય કરતાં પણ પોતે માની લીધેલા સત્ય માટે લોકો ઝઘડા, તોફાન, યુધ્ધો કરતાં માણસ અચકાતો નથી અને એવા સત્યના કારણે માનવજાતનું અતિ મૂલ્યવાન લોહી મોટા પ્રમાણમાં રેડાયું છે. ઘણીવાર સમય અને સંજોગો બદલાઈ જતાં એ સત્ય એક ભ્રમ હોવાનું સાબિત થાય છે, પરંતુ એ ભ્રામક સત્ય માટે જે ઘા પડ યા હોય છે એનાં નિશાન વર્ષો સુધી ભૂંસાતાં નથી.

બધા નશાઓમાં, એક ખરાબ નશો વિચારોનો છે. એ ઘૂંટાય છે ત્યારે માણસને ભાન ભુલાવે છે, પરંતુ સમય અને સંજોગો પ્રમાણે વિચારો બદલાયા કરે છે. એક વાત એક સમયે જે ખૂબ જ જરૂરી લાગતી હોય છે એ સમય બદલાતા તદ્દન બિનજરૂરી અને નકામી લાગે છે.

બાળક કોઈક રમકડાંની દુકાન પાસેથી પસાર થાય ત્યારે એને વિચાર આવી શકે છે કે મોટો થઈને એ ખૂબ પૈસા કમાશે અને ઘણાં બધાં રમકડાં ખરીદી લેશે. પરંતુ મોટી ઉંમરે એના વિચારો તદ્દન ફરી જાય છે. નાની ઉંમરે જે અત્યંત પ્રિય અને જરૂરી લાગતું હતું એ મોટી ઉંમરે તદ્દન નકામું લાગવા માંડે છે. ઉંમર વધવા સાથે જૂના વિચારો આપોઆપ ખરી જતા હોય છે.

માણસ જુદી જુદી સ્થિતિમાં, જુદી જુદી ઉંમરે જે પ્રાપ્ત કરવા તૂટી મરે છે એ કદાચ બાળકની રમકડાં માટેની ઝંખના જેવું જ છે અને એ ઝંખનાઓ માણસના મનમાં જ રહે ત્યાં સુધી બહુ નુકશાનકારક બની શકતી નથી, પરંતુ એ ઝંખનાઓ જયારે જિદનું રૂપ ધારણ કર ત્યારે નુકશાન કર્યા વિના રહેતી નથી. અને આવી જિદ સત્યના અંચળા નીચે એમ કરે છે.

દરેક જિદ્દી માણસ પોતે સાચો છે એમ જ માને છે.

માણસે જે ઈચ્છાઓ અને આગ્રહોને અતિશય કિમતી માનીને હૈયા સાથે ચાંપી રાખેલા હોય છે એ ઘણીવાર સાવ નકામા હોય છે.

જે સતત બદલાયા કરે છે, જેનો પાયો મનની ચંચળતા ઉપર રચાયેલો છે એવા આપણા આગ્રહો માટે આપણે કેટલું બધું કરીએ છીએ! આ આગ્રહો દુરાગ્રહો બનીને આપણને અને બીજાઓને કેટલું નુકશાન કરે છે! અને એમ કરતી વખતે આપણે એવી રીતે વર્તીએ છીએ કે જાણે આપણે કોઈક મહાન સત્યનું આચરણ કરી રહયા હોઈએ.

ઘણીવાર આપણા આવા આચરણ પાછળ આપણી કોઈક અતૃપ્ત વૃત્તિઓ, ઘવાયેલો અહ્‌મ કે કીર્તીની એષણા પડેલી હોય છે. આપણને જે જોઈતું હોય એ ખુલ્લી રીતે માંગવાની હિંમત નથી હોતી. જે વર્તન કરવું હોય એ ખુલ્લી રીતે કરવાની ત્રેવડ નથી હોતી; ચડાવીએ છીએ, સત્યના નામે એને ચમકીલા બનાવીએ છીએ.

માણસે પોતે જ સાચો છે એવી જિદ્દ કરવાને બદલે સમજવું જોઈએ કે એના સત્યનો પાયો એના પોતાના પિંડ ઉપર અને સંજોગો ઉપર રચાયેલો હોય છે. યુવાવયે જે સાચું લાગે છે એ ઘડપણમાં સાચું લાગતું નથી. પુત્ર તરીકે જે સાચું લાગે છે એ પિતા તરીકે સાચું લાગતું નથી. સ્ત્રી-પુરૂષનું સત્ય, નોકર અને શેઠનું સત્ય અલગ-અલગ હોઈ શકે છે.

જેનાં હજારો-લાખો પાસાં છે એ સત્યને આપણે જ પૂરેપૂરું જાણી લીધું છે એમ માની લેવું અને એ માટે દુરાગ્રહ રાખવો એ લાંબા ગાળે નુકશાન જ કરે છે.

કેટલીક વાર આશ્ચર્યજનક રીતે, બંને પક્ષો એક જ વાત માટે ઝઘડતા હોય છે. બંનેની વાત એમની રીતે સાચી હોય છે. એમના ઝઘડાનું કારણ માત્ર જિદ હોય છે. ધર્મના, સિધ્ધાંતોના, વાદ અને પ્રતિવાદના ઝઘડા આવા હોય છે. એનો કોઈ ઉકેલ કયારેય આવી શકતો નથી અને પરિણામ કયારેક એકબીજાના વિનાશમાં આવતું પણ જોવા મળે છે.

માણસ હું સત્ય જાણું છું એમ માને છે ત્યાં સુધી એ નુકશાનકારક હોતું નથી પરંતુ હું જ સત્ય જાણું છું એવું જયારે માનવા લાગે છે ત્યારે જિદનું રૂપ પકડે છે. અને એવો ભ્રમ માણસને કયારેક ગાંડપણ તરફ દોરી જાય છે. વિચિત્રતા એ છે કે આવા ભ્રામક સત્ય માટે માણસ પોતાનો જીવ આપી દેવા કે બીજાનો જીવ લેવા પણ તૈયાર થઈ જાય છે.

સત્યનો આવો દુરાગ્રહ માનવ સંબંધોમાં અને માનવ સમાજમાં અનેક મુશ્કેલીઓ સર્જે છે.

સત્ય જાણવા માટે સામેની વ્યકિતનું દ્રષ્ટિબિંદુ સમજવા હંમેશા કોશિશ કરવી. સત્ય માટે આગ્રહ રાખવો પણ દુરાગ્રહ ન રાખવો. આગ્રહ પોતાના માટે હોય છે દુરાગ્રહ બીજાના માટે હોય છે.

આપણે માની લીધેલા સત્ય માટે જો દુરાગ્રહ નહીં રાખીએ તો માનવજાતનું થોડું ઘણું ભલું પણ આપણા થકી થશે. ■

## ● અહમદ ગુલના બે શેઅરનો આસ્વાદ

• પ્રો.ડો. હસન લુણત 'વિતાન

(૧) એક એવું ઘર મળે કે જેની હું,
ગોખ, બારી, ભીંતને સમજી શકું.

- અહમદ ગુલ

ડાયસ્પોરા ગુજરાતી ગઝલકાર અહમદ ગુલ પોતાની સાહિત્યિક અને સેવાકીય પ્રવૃતિઓથી સહુનું ધ્યાન ખેંચતા રહયા છે. ૮૨ વર્ષની જૈફ વયે પણ એમની દઢતા, સક્રિયતા અને પ્રતિબદ્ધતા આપણે માટે પ્રેરક અને પથદર્શક બની રહે છે.

પ્રસ્તુત શેઅર એમની જાણીતી ગઝલમાંથી પસંદ કર્યો છે. ગાલગાગા ગાલગાગ ગાલગા- એવા બંધારણમાં રચાયેલ આ શેઅરમાં ગઝલકારે ઘર વિષયક સંવેદના વ્યકત કરી છે.

આમ તો દરેક માણસ ઘરમાં જ રહેતો હોય છે. મોટાભાગના લોકો એક જ ઘરમાં આખી જિંદગી પૂરી કરી નાંખતા હોય છે. અને છતાં તેઓ પોતાના ઘરને સમજી શકતા નથી! કારણકે ઘર ની વ્યાખ્યા તેમની સમજશકિતથી દૂર રહી જતી હોય છે. અહીં ગઝલકારે મકાન શબ્દ વાપર્યો નથી. પરંતુ આપણે ચર્ચા કરતી વખતે મકાન શબ્દનો ઉપયોગ કરવો જ પડે તેમ છે. મકાન કરતાં ઘર શબ્દનો અર્થ વધુ વ્યાપક છે. સામાન્યત: લોકો મકાનમાં જ રહેતા હોય છે, ઘરમાં નહીં. ઘર સાથે જે લગાવ-ખિંચાવ, નાતો-નિસ્બત અને પ્યાર-મહોબ્બત હોય છે, તે બધું મકાન સાથે હોતું નથી. આથી એક જ મકાનમાં દાયકાઓ સુધી રહયા પછી પણ કેટલાકને માટે તે ઘર બની શકતું નથી. મકાન હોય પણ ઘર ન હોય એની વ્યથા આ શેઅરમાં સંભળાય છે.

ઘર માણસોથી બનતું અને જીવતું હોય છે. એ ઘરમાં રહેતાં માણસો વચ્ચેના સંબંધો સમજદારીભર્યા હોવા જોઈએ. સહુ એકબીજાને સમજે, પરસ્પરના અસ્તિત્વનો સ્વીકાર કરે તો તે ઘર ઘર બનતું હોય છે. ગુલ તો માણસથી આગળ વધીને ઘરના ગોખ, બારી, ભીંત વગેરે અંગોને પણ સમજવાની વાત કરે છે. માણસ થકી ઘર જીવંત બને છે ત્યારે ઘરનાં જડ કહેવાતાં સઘળાં અંગો કે પદાર્થો પણ જીવંત બની જાય છે. ચૈતન્ય સાથે જડનો નાતો થતાં પછી એ પદાર્થોની જડતા રહેતી નથી, તેમાંય ચૈતન્યનો પ્રવેશ ગ્રાય છે. એટલે કવિ એ પદાર્થો કે વસ્તુઓ સાથે પણ પોતાની ચેતનાને સાંકળી સમજદારીભર્યા સંબંધો સ્થાપવાની ખ્વાહિશ વ્યકત કરે છે. આમ અહીં અદભૂત્ રીતે કવિચેતનાનો વિસ્તાર સધાયો છે.

માત્ર ૧૨ શબ્દોના આ નાનકડા શેઅરમાં ગઝલકાર ગુલે પોતાનું ઘર વિષયક ચિંતન ઠાંસોઠાંસ ભરી દીધું છે. ગુલની કવિતાની એ કમાલ છે. ગુજરાતીમાં ઘર વિષયક શેઅરોનો એક સંગ્રહ કરવામાં આવે તો આ શેઅરને પણ એમાં સમાવવો જ પડે એવો શકિતશાળી આ શેઅર છે.

(૨) નામ એનું હોઠ પર રમતું રહયું,
ને ગઝલ પૂરી થયાનું યાદ છે.

- અહમદ ગુલ

અહમદ ગુલની જાણીતી ગઝલના આ શેઅરને ઈશ્કે હકીકી અને ઈશ્કે મિજાઝી એમ બંને રીતે આસ્વાદી શકાય છે.

મનુષ્યના સર્વે કર્મો પાછળ છેવટનું ચાલકબળ અલ્લાહ જ હોય છે. અલ્લાહની ઈચ્છા વિના મનુષ્ય કદી પણ કાર્યસિધ્ધી પામી શકતો નથી. અલ્લાહનું નામ હોઠો પર હોય અને ગઝલ સર્જન પૂર્ણ થઈ જાય, એવી વિરલ ક્ષણો સર્જક કઈ રીતે વિસ્મૃત કરી શકે?

હોઠો પર પ્રિયજનનું નામ હતું, કવિ પ્રિય સ્મૃતિમાં રમમાણ હતા, કવિ વિરહ સંતપ્ત મન:સ્થિતિમાં હતા ને ત્યારે જ સંપૂર્ણ ગઝલનું અવતરણ થઈ ગયું. બલકે, એ મનોદશા જ કવિને ગઝલ સર્જન માટે વિવશ કરી ગઈ. કયારેક જ આવતી એ સર્જનક્ષણો કવિને માટે, ગઝલકારને માટે ચિરસ્મરણીય બની ગઈ.

કવિના સર્જનની પાછળ ઘણાં પ્રેરકબળો કામ કરતાં હોય છે તેનો અહીં પરિચય મળે છે. ગઝલકારની સંકુલ ગઝલ સર્જન પ્રક્રિયાનું અહીં થોડુંક પગેરું મળે છે. શબ્દોની સાદગી અને છંદની ચુસ્તી તરફ પણ વાચકોનું ધ્યાન ગયા વિના રહેતું નથી. ▪

## ● વિચારશીલ અને હિતચિંતકો તમાશો જોઈ રહયાં છે

આપણે ઉત્સવ પ્રિય પ્રજા છીએ, અને દરેક ઉત્સવને ધામધૂમથી ઉજવીએ છીએ. પણ આતશબાજીની રોશનીમાં ચહેરા પરનું નૂર દર વર્ષે ફિકકું થતું જાય છે. બે દિવાળી વચ્ચેનું એક વર્ષનું પરિસ્થિતિને જાણે વધુને વધુ ગંભીર બનાવતું જાય છે. દર દિવાળીએ આપણે એવી પ્રાર્થના સાથે વિતેલા વર્ષની વિદાય આપીએ છીએ કે આપણું આગામી વર્ષને વીતેલા વર્ષ કરતા વધુ પ્રકાશશીલ, વધુ ખુશહાલ અને વધુ સમૃધ્ધ નીવડે પણ વર્ષ પુરું થાય છે અને દરેક નવું વર્ષ વીતેલા વર્ષને સારું કહેડાવતું જાય છે.

જયારે રાજકીય, આર્થિક સરવૈયું કાઢીએ તો એમ લાગે છે કે તહેવારના ચળકાટ ઉપર કાળી મેશની કાલીમા છવાતી જાય છે. રાજકીય ક્ષેત્રે આપણે અંધાધૂંધી તરફ એક ડગલું વધુ આગળ વધ્યા છીએ. કાયદો અને વ્યવસ્થા જાણે સંપૂર્ણપણે પડી ભાંગવાની અણી ઉપર છે. દરરોજ અખબારનું પાનું ખોલીએ ત્યારે જે સમાચારો વાંચવા મળે છે એ સવારની ચા ની મજા પણ બગાડી નાંખે છે. નિર્દોષ લોકોની હત્યાઓ થાય છે, બસો અને ટ્રેઈનો લુંટાય છે, બેંકોમાં ધોળે દહાડે ધાડ પડે છે. ફિલ્મી ઢબે ખૂનો થાય છે. બાળકોના અપહરણ થાય છે અને જાસા ચીઠ્ઠીઓ મોકલાય છે. લોકોને પોલીસના રક્ષણમાં વિશ્વાસ રહયો નથી અને ગુંડાની ધાક એટલી જામી છે કે મૌન રહેવામાં જ માલ છે- એ સૂત્ર સોનેરી બની ગયું છે. પોલીસની ગોળીથી કોઈ નાગરિક મરાયો ન હોય એવો ભાગ્યે જ કોઈ દિવસ જાય છે. દાણચોરો અને અસામાજિક તત્વોનું બળ એટલું વધ્યું છે કે ભર અદાલતમાં આરોપી અને ફરિયાદીની હત્યા થઈ જાય છે. ખૂન કરવા છતાં અદાલતમાં નિર્દોષ છૂટી જવાય એ રીતે ખૂન કેમ થાય એની તાલીમ આપતા વકીલો રોકાવા માંડયા છે. અત્યાર સુધી ન્યાયતંત્રમાં ભરોસો હતો પણ હવે એ પણ ડગમગવા માંડયો છે. તદ્દન નાના અને નજીવા કારણોસર ફાંસીની સજાઓ મહિનાઓ અને વર્ષો સુધી મુલતવી રાખી શકાય છે.

વિચારશીલ અને સમાજ તથા દેશના હિતની ચિંતા સેવતા નાગરિકો દિગ્મૂઢ બનીને તમાશો જોઈ રહયા છે. સમાજની જે છબી આપણી સામે આવે છે એ એક માંદા સમાજની છબી છે. મૂલ્યો તદ્દન નીચા આવ્યા અને ભાવો આસમાને ચડી ગયા. ધન અને વૈભવ તેમજ બુધ્ધિમતા, પ્રમાણિકતા અને નિષ્ઠાનું ગૌરવ ઘટયું છે. એવું લાગે છે જાણે આપણી સંસ્કૃતિ, આપણી આધ્યાત્મિકતા, આપણા મૂલ્યો એ બધાને ગ્રહણ લાગ્યું છે. સમગ્ર માળખું ઘવાયું છે અને ગંભીર ઈજા પામેલી દશામાં કોઈ એને ઉગારે, પાટાપીંડી કરે, એની રાહ જોઈ રહયું છે. ગ્રામ-સ્વરાજની આપણી કલ્પનાના ભૂંડા હાલ થયા છે. અને ઉલ્ટું ગામડું તદ્દન અસલામત બન્યું છે. પંચાયતીરાજના સૂત્રધાર જેવા સરપંચો પોતે જ ખૂન અને અપહરણના કિસ્સાઓમાં સંડોવાયેલા જોવા મળે છે. ગામડું ભાંગે છે અને શહેરમાં લોકો પશુની જેમ જીવન ગાળે છે. ગામડામાં દીવાબત્તી અને પીવાના પાણીના સાંસા હોય અને બીજી બાજુ શહેરોમાં વ્યર્થ અને ખૂની ભપકા થાય એ વિરોધાભાસ જોઈને વિચારશીલ નાગરિકો કાંપી ઉઠે છે. રાજકારણમાં હુંસાતૂંસી અને ભ્રષ્ટાચાર સિવાય કશું જોવા મળતું નથી. એકબાજુ લોકો ધાર્મિક કથાઓ સાંભળવા લાખોની સંખ્યામાં ઉમટે છે અને બીજી બાજુ સમગ્ર સમાજમાં અપરાધો વધતા જાય છે. અત્યારે આપણે આપણી ભૂતકાળની ગૌરવગાથાઓની પેરેડી માણતા હોય એવું લાગે છે. બુધ્ધિજીવીઓમાંથી પણ સ્વમાન અને ગૌરવ લુપ્ત થતાં જાય છે. એવું લાગે છે કે આપણે આપણા સમગ્ર પ્રશ્નોને લગતી કે ધર્મના માપથી નહીં પણ વાસ્તવિકતા અને બુધ્ધિના માપદંડથી જોવાની જરૂર છે.

આપણો અગ્રતાક્રમ હવે બદલાઈ રહયો છે. બ્રિટિશ યુગમાં વિદેશી શાસન સામે લડતા ત્યારે દેશપ્રેમ અને આઝાદીનું સ્થાન સૌથી ઉંચે હતું. આજે વ્યકિત સ્વકેન્દ્રિત બની છે. પહેલા પોતે, પછી કુટુંબ અને નાત, ધર્મ એવો ક્રમ બન્યો છે. દેશ તો એમાં કયાંય દેખાતો નથી. દેશ માટે કામ કરવાની ઘેલછા રાખશો તો કોઈ પાઘડી નહી બંધાવી દે. એવા સોનેરી સૂચનો સાંભળવા મળે છે. દેશના એક છેડેથી બીજે છેડે ચારે તરફ અજંપો અને બેચેની પ્રસરેલી છે.

પરિસ્થિતિ એટલી સ્ફોટક છે કે ગમે ત્યારે ગમે ત્યાં નાનકડી ક્ષુલ્લક બાબતમાંથી લોકોના જીવ ઉંચા થઈ જાય છે અને હિંસક ઘટનાઓનો ક્રમ શરૂ થઈ જાય છે. આ બેચેની, તંગદિલી રાજકીયક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી. સામાજિક તંગદિલી પણ ઘટવાને બદલે વધી છે. કચડાયેલા વર્ગો ન્યાય મેળવવા માટે અધીરા બન્યા છે અને ઉચ્ચ વર્ગો ટૂંકા મનના થતાં ગયા છે.

આવનારા દિવસોમાં હજી કપરા નીવડે એવો પૂરો સંભવ છે. વિશ્વની વાત કરીએ તો મહાસત્તાઓ વચ્ચેનું ઠંડુ યુધ્ધ ફરી ઉગ્ર બન્યું છે. યુરોપમાં શસ્ત્ર જમાવટ સામે વ્યાપક દેખાવો થઈ રહયા છે. ઘરઆંગણે આઈ.એમ.એફ.ની જંગી લોનનો હપ્તો ભરવાનો શરૂ થશે ત્યારે સ્થિતિ વધુ વિકટ બનશે અને કરવેરા વધશે એટલે ભાવો હજુ વધશે. આઝારબેજાન અને આર્મેનીયા વચ્ચે ઠંડુ યુધ્ધ અવારનવાર ઉગ્ર લડાઈમાં પરિણામે છે. તાજેતરમાં રશિયાએ દરમ્યાનગીરી કરીને યુધ્ધવિરામ કરાવ્યું પણ એ દસ દિવસ જ ચાલ્યું. સામે પક્ષે તુર્કીએ ઝંપલાવ્યું છે. હવે આ લડાઈ મુસ્લિમ અને બિનમુસ્લિમ વચ્ચેની થઈ ગઈ છે. યુધ્ધવિરામ થયું અને તૂટી ગયું. હવે ફરી પાછી લડાઈ કયારે થશે એ કહી શકાતું નથી. આ બાજુ ભારત અને ચીન વચ્ચે પણ તંગદિલી પ્રવર્તે છે.

સવારના પહોરમાં છાપું હાથમાં લઈએ ત્યારે નજર સામે અવનવી ઘટનાઓનો ક્રમ ઉપસી આવે છે. છાપામાં પ્રથમ પાને જ વાંચવા જેવા સમાચાર આવે એવું નથી. કયારેક અંદર ખૂણેખાંચરે પણ રસપ્રદ અને વિશિષ્ટ સમાચાર વાંચવા મળી જાય છે. એવા સમાચાર જે કૂતૂહલ પ્રેરે. વિસ્મય જગાડે અને વિચાર કરવા પ્રેરે. કયારેક એકજ છાપામાં બે સમાચાર પરસ્પર વિરોધી પણ હોય. થોડા દિવસ પહેલાં આવું જ બન્યું. છાપું ઉઘાડતાં એક બોકસ આઈટમ નીકળી...મથાળુ હતું - દાયકાનો શ્રેષ્ઠ ભોજન સમારંભ...વિગતમાં લખ્યું હતું કે રાષ્ટ્રસમૂહની શિખર પરિષદમાં ભાગ લેવા આવેલા વિદેશી રાષ્ટ્રોના વડાઓને આપણા વડાપ્રધાને જે ભોજન આપ્યું તેને દાયકાના શ્રેષ્ઠ ભોજન તરીકે ગણાવવામાં આવી રહયું છે. આ સમારંભમાં વિરાટ આકૃતિ ધરાવતા છ જેટલા ભવ્ય ચેન્ડેલિયમ ઉપર મીણબત્તીઓ ગોઠવીને પ્રકાશનું આયોજન કરવામાં આવ્યું હતું. ભોજન સમારંભની શરૂઆતમાં ટોસ્ટ આપવામાં સફરજનના રસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

હવે એ જ દિવસે પ્રસિધ્ધ થયેલા એક અન્ય નાનકડા સમાચાર જોઈએ. ભારત વિશ્વમાં અપૂરતા પોષણવાળા માણસોની સૌથી મોટી સંખ્યા ધરાવે છે. દેશમાં ૨૦ કરોડ માણસોને પૂરતા પોષણવાળો ખોરાક મળતો નથી.

આ ઘટનાઓ આપણી સાંપ્રત સ્થિતિ ઉપર એક વિડંબના ભર્યો પ્રકાશ ફેંકી જાય છે. દેશની વસતીને ખોરાક, કપડાં, રહેઠાણ પૂરા પાડવાની વાતને આપણા પાયાના ઉદ્દેશોમાં સામેલ કરેલ છે અને એને માટે પંચવર્ષીય યોજનાઓથી માંડીને બીજા અનેક કાર્યક્રમો શરૂ કર્યા છે. કેટલાક રાજયોએ શાળાના બાળકોને એક ટંક મફત ભોજન આપવાના ક્રાંતિકારી પ્રયોગો પણ શરૂ કર્યા છે. દરેક નાગરિકને પેટ પૂરતું ભોજન મળી રહે એ દિશામાં કામ કરવાની વાત બધા રાષ્ટ્રો સ્વીકારીને જ ચાલે છે અને છતાં આપણા દેશ પૂરતી વાત કરીએ તો એ ધ્યેયની સિધ્ધિ તો દૂર રહી, એ દિશામાં થોડુંક પણ આગળ વધ્યાનો સંતોષ આપણે લઈ શકીએ એમ નથી. વિશ્વ ખોરાક સંસ્થાનો અહેવાલ તો ઉલટું આપણને આ બાબતમાં વિશ્વમાં પણ સંકોચજનક સ્થિતિમાં મૂકે છે. બાંગ્લાદેશ જેવા આપણા કરતાંયે તદ્દન પછાત રાષ્ટ્ર કરતાં પણ આ બાબતમાં આપણે વધુ કંગાળ સ્થિતિમાં મૂકાયા.

આપણા સાધનોની ઉપરવટ થઈને આપણે ગજા ઉપરાંતનું આવું નિરર્થક ખર્ચ કર્યા કરશું તો આપણી આમ પણ તદ્દન ધીમી ચાલતી વિકાસ દોટ તદ્દન સ્થગિત થઈ જશે એ ભયસ્થાન આપણે વિચારી જવું જોઈએ. આપણે વ્યકિતની વાત કરીએ કે સરકારની બંને ઉડાઉ થઈ રહયાં છે અને આયોજન વિના આડેધડ ખર્ચમાં રાચતાં થઈ ગયા છે પરિણામે એકબાજુ કુટુંબ દેવાદાર બને છે અને બીજી બાજુ દેશ! આ મોજશોખ અને ઉડાઉપણું ઠેરઠેર દેખાય છે. લોકોના ઘરમાં જોવા મળતા રાચરચીલા અને કપડાથી માંડીને પ્રધાનો અને સરકારી અધિકારીઓના ભપકામાં બધે જ એ દેખાય છે. દેશના કરોડો લોકોને કપડા વિનાના જોઈને ગાંધીજીએ પોતાના શરીરે માત્ર પોતડી પહેરવાનું શરૂ કર્યું. કરોડો લોકો પોષણયુકત આહાર વિના ટળવળતા હોય ત્યારે આવા ભપકા તો બંધ કરી જ શકીએ. ■

## • શીતળ અને મધુર સુગંધયુકત નારંગી

આપણાં ભારતીય ફળોમાં નારંગીને બધા જ ઓળખે છે. એને સંતરા પણ કહે છે. દેખાવે સુંદર, સ્વાદમાં ખાટી-મીઠી, સ્પર્શમાં શીતળ અને મધુર સુગંધયુકત નારંગી સૌ કોઈનું પ્રિય ફળ છે. આપણે ત્યાં પ્રાચીન સમયથી તેનું વાવેતર થતું આવ્યું છે. એટલે જ ઘણા વિદ્વાનો નારંગીનું મૂળ વતન આપણા ભારતને માને છે. લીંબુના જ વર્ગનું આ ફળ ઔષધીય ગુણોથી ભરપૂર છે. આ વખતે તેના થોડા ગુણકર્મો અને ઉપયોગો વિશે આયુર્વેદીય મતે કંઈક જાણીએ.

▪ **ગુણકર્મો :**

નારંગીને ગરમ હવામાન માફક આવે છે. ભારતમાં મહારાષ્ટ્ર, નાગપુર, ગુજરાત, આસામ, મધ્યપ્રદેશ, બંગાળમાં તેની ખૂબ ખેતી થાય છે. નારંગી બે જાતની થાય છે. ખાટી અને મીઠી. એ સિવાય રેશમી, નાગપુરી, સીલહટી, લાડુ, કલવા અને સહરાનપુરી એમ તેની ઘણી જાતો થાય છે. નાગપુરી નારંગી સૌથી ઉત્તમ ગણાય છે અને બહુ વખણાય છે. મોસંબીને નારંગીનો જે એક પ્રકાર માનવામાં આવે છે. મોઝામ્બિક દ્વિપથી જે નારંગીની જાત ભારતમાં આવી તે મોસંબી નામથી ઓળખાવા લાગી એવું કહેવાય છે.

આયુર્વેદ પ્રમાણે મીઠી નારંગી સ્વાદમાં મધુર અને જરા ખાટી, ઠંડી, પચવામાં હળવી, ભૂખ લગાડનાર, રુચિ ઉપજાવનાર, રકતવર્ધક, હૃદયને હિતકારી, બળવર્ધક તથા રકતાલ્પતા, રકતપિત્ત, હૃદયની નબળાઈ, અરુચિ, અજીર્ણ, ઉલટી, થાક અને તાવને દૂર કરે છે. દાંત અને હાડકાંને નારંગી મજબૂત કરે છે. ખાટી નારંગી હૃદયને હિતકર, બળપ્રદ અને પચવામાં ભારે ગુરુ અને દુર્જર હોય છે.

નારંગીમાં વિટામીન સી સારા પ્રમાણમાં, એ અને બી સામાન્ય પ્રમાણમાં તથા વિટામીન ડી અલ્પ પ્રમાણમાં હોય છે. તેમાં લોહ અને કેલ્શિયમ સારી માત્રામાં હોવાથી તેના સેવનથી વજન તથા લોહીમાં વૃધ્ધિ થાય છે. નારંગીમાં ફોસ્ફરસ વગેરે ખનિજ દ્રવ્યો પણ રહેલાં છે.

▪ **ઉપયોગો :**

નારંગી પાચનતંત્રની ક્રિયાને સુધારનાર છે. પચવામાં ભારે ભોજન અને અતિ આહારથી જેમની હોજરી નબળી પડી ગઈ હોય અને ખોરાક બરાબર પચતો ન હોય તેમના માટે નારંગી ઉત્તમ ઔષધ સમાન છે. આહારનું યોગ્ય પાચન ન થવાથી તે સડી જઈને તેમાંથી ગેસ ઉત્પન્ન થાય છે. નારંગી આ રીતે બગડેલા જઠર અને આંતરડાની શુધ્ધિ કરનાર છે. તે માર્ગોકરે છે અને બંનેની પાચન શકિતમાં સુધારો કરે છે.

નારંગીનો રસ તાવનાશક, તૃષાશામક અને રકતપૌષ્ટિક છે. ખાવમાં તેનો રસ ફાયદાકારક હોવાથી રોજ પાંચ-છ નારંગી ખાવા છતાં પણ નુકશાન કરતી નથી. નારંગીનો રસ લોહીના ઉંચા દબાણમાં ઘટાડો કરી ફાયદો કરનાર છે.

નાનાં બાળકોના રોગોમાં નારંગી ઉત્તમ ઔષધનું કામ કરે છે. બાળકોના પેટના દુઃખાવા અને અતિસારમાં નારંગીનો રસ થોડું પાણી મેળવીને દર ૩-૩ કલાકે આપવાથી લાભ થાય છે. બાળકોમાં લોહીની ઊણપ હોય અને શરીર વળતું ન હોય તો નારંગીનો રસ દ્રાક્ષના રસ સાથે દરરોજ આપવાથી ફાયદો થાય છે. બાળકોને દાંત આવતા હોય ત્યારે ઝાડા, ઉલટી કે તાવ જણાય તો નારંગીનો રસ સહેજ ગરમ કરીને અન્ય દવાઓ સાથે થોડો-થોડો આપતા રહેવાથી આ તકલીફો જલદી મટે છે અને દાંત પણ સરળતાથી આવે છે.

નારંગીમાં વિટામીન સી સારા પ્રમાણમાં છે. જે દાંત અને દાંતના પેઢાની મજબૂતી અને પોષણ માટે મહત્વનું ગણાય છે. જેમના દાંત નબળા હોય અને પેઢામાંથી રકતસ્રાવ થતો હોય તેમના માટે નારંગીનું સેવન લાભપ્રદ છે. ચમડીના પોષણ માટે પણ વિટામીન સી જરૂરી છે. નારંગીના સેવનથી સૂકી, બરછટ અને કાળી પડી ગયેલી ત્વચામાં નવું ચેતન આવે છે. ચામડી કોમળ અને મુલાયમ બને છે.

નારંગીમાં કબજિયાતને દૂર કરવાનો ઉત્તમ ગુણ છે. રોજ રાત્રે સૂતી વખતે એકથી બે નારંગી ખાવાથી કબજિયાત દૂર થાય છે. નારંગીમાં રહેલા નાના-નાના રેસા પાચનતંત્રની સફાઈ કરી જૂની કબજિયાતને પણ દૂર કરે છે. નારંગીના રસમાં સૂંઠ અને સંચળ મેળવીને અથવા સિંધવ અને કાળા મરી મેળવીને પીવાથી પાચનશકિતમાં વુદ્ધિ થઈને અજીર્ણ અને અપચો મટે છે.

નારંગી બારેમાસ મળે છે. તેનો રસ એ એક ઉત્તમ પીણું છે. તેનાથી ભૂખ ઉઘડે છે, પાચનશકિત વધે છે અને શકત શુદ્ધ થાય છે. ભોજન બાદ નારંગીનું સેવન કરવાથી તે કોઈપણ વિકાર કરતી નથી.

## ઈસ્લામના અંતિમ સંદેષ્ટા મોહમ્મદ પયગંબર સાહેબની માતા
# અમીના

સુરા અલ-ફાતિહા કુરાન શરીફની માતાના દરજજે બિરાજે છે! જે મોહમ્મદ પયગંબર સાહેબ(સ.અ.વ.)ઉપર મુસલમાનોનો પવિત્ર ગ્રંથ કુરાન-શરીફ નાજલ થયો તે ગ્રંથમાં કયાંય પણ મોહમ્મદ સાહેબની માતાનો ખાસ ઉલ્લેખ જોવા મળતો નથી.

મુસલમાનોના હદીસ ગ્રંથોમાં પણ મોહમ્મદ પયગંબર સાહેબ(સ.અ.વ.)ની માતા વિષે માહિતી વાંચવા મળતી નથી.

પયગંબર સાહેબની માતા અમીનાનું આખું નામ **અમીના-બિન્ત-વહાબ**.

અમીનાના પિતાનું નામ **વહાબ-ઈબ્ન-અબ્દ મનફ** તેમજ માતાનું નામ બરરાહ-બિન્ત-અબ્દુલુજજા. અમીનાનો જન્મ મકકામાં થયેલો.

અમીનાનું લગ્ન અબ્દુલ્લાહ-ઈબ્ન-અબ્દ-અલ્ મુત્તલિબ જોડે થયેલું. અમીનાના પતિ અબ્દુલ્લાહ અત્યંત દેખાવડા હતા અને તે જમાનામાં અરબીયામાં તેમની છાપ ઘણી સારી જેવી હતી. છોકરીઓ અબ્દુલ્લાની આશિક બનીને રહેતી અને મનોમન એવી ખ્વાહિશ રાખતી કે અબ્દુલ્લા પોતાની કૂખે જન્મનાર સંતાનોનો પિતા હોય! જેમ અબ્દુલ્લા દેખાવે સુંદર હતા તેમ અમીના પણ ખૂબ દેખાવડી હતી. પોતાના સંબંધીઓમાં પ્રિ-ઈસ્લામિક ચળવળોમાં અમીના પોતાના કુટુંબીજનો સાથે ભાગ પણ લેતાં.

અમીનાના પતિ અબ્દુલ્લાનો મોટો વેપાર હતો અને જયારે અમીના ગર્ભવતી હતી(પોતાના પેટમાં મોહમ્મદ પયગંબર સાહેબ(સ.અ.વ.)ગર્ભે સ્વરૂપે મોટા થઈ રહયા હતા)ત્યારે પોતાનાથી ઘણે દૂર (સીરિયા) વેપાર અર્થે ગયા હતા અને મોતને ભેટયા હતા!

આમ, મોહમ્મદ પયગંબર સાહેબ(સ.અ.વ.) પોતાની માતા અમીનાના પેટમાં ત્રણેક મહિનાના ગર્ભે સ્વરૂપે હતા ત્યારે તેમના પિતા અબ્દુલ્લાહ મૃત્યુ પામ્યા હતા. બાપ-દીકરાએ આમ એકબીજાને કદી જોયા નહોતા એ કુદરતની મરજી હતી. અબ્દુલ્લાહના મરણ બાદ, છ મહિને મોહમ્મદ પયગંબર સાહેબ (સ.અ.વ.)નો જન્મ થયો હતો.

પતિ અબ્દુલ્લાહના મૃત્યુ બાદ અમીનાની જિંદગી કષ્ટપ્રદ બની ગઈ હતી. પતિ મૃત્યુ પામ્યા બાદ અમીના સતત દુ:ખમાં જ રહયા.

મોહમ્મદ પયગંબર સાહેબ(સ.અ.વ.)ના જન્મ બાદ આશરે ૬-૭ વર્ષની ઉંમરમાં જ મોહમ્મદ પયગંબર સાહેબ(સ.અ.વ.)અનાથ થયા હતા.

અમીના હયાત હતા ત્યાં સુધી મોહમ્મદ પયગંબર સાહેબ(સ.અ.વ.)ને દર વર્ષે હંમેશા અબ્દુલ્લાહની કબર પાસે દર્શન કરવા લઈ જતા. ભરયુવાન વયે પતિનો વિરહ-પોતાનું રોગી શરીરને કારણે અમીના મૃત્યુ પામ્યા હતા.

આમ, મોહમ્દ પયગંબર સાહેબ(સ.અ.વ.)ને પોતાના પિતાનો કશો જ પરિચય નહોતો. હા, માતાનો થોડોક પરિચય કદાચ એમને હોઈ શકે!

મુસ્લિમ વિદ્વાનોએ કહયું છે કે મોહમ્મદ પયગંબર સાહેબે(સ.અ.વ.)કયારેક અલ્લાહને પ્રાર્થનાઓ કરી હતી અને પોતાની માતાની ક્ષમા માંગવા માટે મંજૂરી માંગી હતી! પણ, અલ્લાહે મોહમ્મદ પયગંબર સાહેબ(સ.અ.વ.)ને એ મંજૂરી આપી નહોતી...અને જયારે મોહમ્મદ પયગંબર સાહેબે પોતાની માતાની કબર પાસે જવાની મંજૂરી માંગી હતી તો, એ માટે અલ્લાહની મંજૂરી તેમને મળી હતી!

કુરાન શરીફમાં સંખ્યાબંધ આયાતો છે જે આપણને માતા-પિતાનો આદર કરવા વિષે જણાવે છે અને આ પવિત્ર ગ્રંથમાં ઈસા(અ.સ.)ની માતા મરયમનો ઉલ્લેખ આવે છે પણ, મોહમ્મદ પયગંબર સાહેબ (સ.અ.વ.)ની માતા અમીનાનો કશો ઉલ્લેખ જોવા નથી મળતો! વિશ્વને મોહમ્મદ પયગંબર સાહેબ (સ.અ.વ.)નાં માતા-પિતા વિષયક જે પણ માહિતી મળી છે તે કુરાન-શરીફ બહારના તેમજ હદીસની બહારના સાહિત્યમાંથી મળી શકી છે!

## ● એક તણખલાની વાત

▪ હનીફ નાડત (કોંઢ)

સમયને પસાર થતાં કયાં કંઈ વાર લાગે છે...મારી આંગળી પકડીને રમતી-કુદતી મારી પરી જેવી દિકરી રિઝવાના કયારે યુવાનીના ઉંબરે આવીને ઉભી અને જોવો તો ખરા મહિના પછી તો એ પરણીને પારકાને પોતાના કરવા એના સાસરે ઉડી જશે. મારી નાનીસી દિકરી આમ વર્ષોના સંભારણા છોડીને એના સંસારમાં મહિના પછી ઉપડી જવાની આવા આવા વિચારો યાસિન ચાચા પોતાના હિંચકે બેસી કરતા હતા ત્યાં એમના પત્નિ સાયરા ચાચીએ એમને દિવા સ્વપ્નમાંથી જાણે જગાડતા હોય એમ બોલ્યા- સાંભળો...હિંચકે બેસી ઝુલવાનું છોડો અને પેલા મંડપવાળાને તથા કલરકામ વાળાઓને વાત કરો કે ભાઈ સાબ દિકરીના લગ્નને હવે એક મહિનો બાકી છે. ઉતાવળ કરો અને બંગલાનું રંગરોગાન કરાવી નાંખો. તમો તો સાવ ટાઢા...બસ, તમારા તો પેટનું પાણી પણ નથી હાલતું... વિચારોમાં વિક્ષેપ પડયો એટલે યાસીન ચાચા બોલ્યા... ઓ ગાંડી રે ગાંડી...દિકરીનો બાપ છું હું...મને બધી જ ખબર છે. તું જોતી રહી જશે ને દિકરીના વિવાહ રંગેચંગે પાર ઉતરશે. મારા પરવરદિગારની પાસે મારી હરદમ દૂઆ છે, પણ તમો રિઝવાનાના કપડા લેવા મુંબઈ કયારે જશો એ મને જણાવો તો ઈનોવા બુક કરી દઉં... યાસિન ચાચાએ કહયું એટલે ફરી સાયરા ચાચી બોલ્યા...મુંબઈ તો અમે રવિવારે જઈશું. તમે રવિવારે ગાડી આપણા આંગણે સવારે સાતના ટકોરે જોઈએ એ કહી દો. હું, રિઝવાના , એની બંને સહેલીઓએ મુંબઈ જવાનું નકકી જ કર્યું છે. હવે તમે હિંચકેથી ઉઠો અને કંકોત્રી તથા બીજા ઘણાં કામો પડયા છે એ નિપટાવો તો અમને પણ શાંતિ. પણ સાયરા જરા ચ્હા-નાશ્તો કરી લેવા દે, મારી બી-પીની દવા લઈ લેવા દે પછી કામે ચઢુને...હસતા-હસતા યાસિન ચાચા બોલ્યા અને ફરી હિંચકે ઝુલવા લાગ્યા. સાયરા ચાચી કિચનમાં ગયા. બે કામવાળીંઓ સફાઈ કરતી હતી. લગ્નને તો હજુ એક મહિનો હતો પણ સગા-સ્નેહીઓ, મિત્રો સવાર પડતાંજ યાસિન ચાચાની મદદે આવી પહોંચતા. દરેક મિત્રોએ તથા સગાઓએ પોતાના ભાગે આવેલું કામ ખંતપૂર્વક કરવાની યાસિન ચાચાને બાંહેધરી આપી દીધી હતી. એટલે જ તો યાસિન ચાચા નચિંત હિંચકે બેસી રહેતા. સાયરા ચાચીને આવી કંઈ ગતાગમ નહીં એટલે થોડી થોડી વારે ચાચાને આ કરજો, પેલું કરી નાંખજો એમ યાદ અપાવતા રહેતા હતા.

યાસિન ચાચા આમતો નેકદિલ વ્યકિત હતા. અહીં ગામડાના એમની થોડીક ખેતીની જમીન હતી. પણ ચાચાએ વર્ષો સુધી રિક્ષા ફેરવી ,પોતાના પરિવારનું ગુજરાન ચલાવેલું અને આ પરિવારે કારમી ગરીબી જોયેલી જ નહીં બલ્કે વેઠી પણ હતી. ખેતીની નીપજ ઓછી અને રિક્ષામાં માણસ કમાય ને કેટલું કમાય. પણ યાસિન ચાચાએ એમના કપરા વખતમાં પણ કોઈ સામે હાથ લંબાવેલા નહીં, બસ સંતોષથી જે મળે એમાં રાજી રહેતા. આ તો ઉપરવાળાની દયા એમના ઉપર ઉતરી કે એમનો એકનો એક દિકરો ભણીગણીને અમેરિકામાં સેટલ થયો હતો. ત્યાં એ, એની પત્નિ અને એક બાળકી જોડે રહેતો હતો. એની પત્નિના લીધે એને ત્યાંનો ગ્રીન કાર્ડ મળી ગયો હતો. બી.કોમ.સુધી ભણેલો ગામડાનો ગરીબ ઈમરાન ત્યાં અમેરીકામાં સસરાના એક શોપિંગ મોલનો માલિક બની ગયો હતો અને માવતરને અને એક નાની બહેન-રીઝવાનાને કયારેય એ ભુલ્યો ન હતો. લગ્નના પાંચેક દિવસ પહેલા ઈમરાન પણ સજોડે બહેનના લગ્નમાં મહાલવા એની યુ.એસ.બોર્ન પત્નિ સાથે તલપાપડ થઈ રહયા હતા.

યાસીન ચાચા હિંચકે ચ્હા-નાસ્તો કરી વિચારે ચઢી ગયા. નાની રિઝવાના આળસ મરડીને એમની સામે આવીને જાણે ઉભી હોય અને પપ્પાને કહી રહી હોય કે - પપ્પા, કાલે મારા માટે ગુડિયા લઈ આવજો, પપ્પા મારા માટે ચંપલ લાવજો, પપ્પા મારા માટે ઝાંઝરી લાવજો, આ લાવજો ને પેલું લાવજો અને યાસીન ચાચા મનોમન બોલી પડયા...હા..બેન..હા..તારા માટે જે કહે એ હું લઈ આવીશ. અને અચાનક યાસીન ચાચાને વરસો પહેલાંનો એક પ્રસંગ એકાએક યાદ આવી ચઢયો. પપ્પા, સાતમા ધોરણમાં ભણતી રિઝવાના બોલી, પપ્પા, આ ઈદ પર મારે શોર્ટશુટ જોઈશે. હમણાં ઘણી મારી સહેલીઓ આવી છે...મારે પણ જોઈશે. રિઝવાનાની વાતે યાસિન ચાચા ચિંતામાં પડયા. રિક્ષા લઈને અંકલેશ્વર જતા ત્યારે શોર્ટશુટનો દુકાનમાં ભાવ પણ પૂછી જોતા. હલકામાં હલકું શોર્ટશુટ છસ્સો રૂપિયાનું...પણ છસ્સો રૂપિયા જો શોર્ટશુટ પાછળ વેડકું તો આખો રમઝાન માસ કેમ કેમ પસાર થાય ? પણ હજુ ઈદ આવવાને વાર હતી. ડબલ મહેનત કરીશ પણ નાની મારી રિઝવાનાને ઈદ ઉપર નવું શોર્ટશુટ તો લઈ જ આપીશ.

ઈદ આવવાને હવે ઝાઝી વાર ન હતી. રમઝાન માસ પુરો થવા આવ્યો હતો...હવે શું કરવું...અમે બંને તો જુના કપડાએ ચલાવીશું. પણ રીઝવાના-ઈમરાનના કપડાનું શું. ? આવા વિચારમાં હતા. થોડી ઘણી ઘરવખરી માટે એક દિવસ પત્નિ જોડે રિક્ષામાં ઉપડયા અંકલેશ્વર...સાથે રિઝવાના હતી. ગરીબ માણસને ખપે એવી હલ્કી-હલ્કી વસ્તુ સાયરાએ ખરીદી પણ યાસીન ચાચાના મનમાં તો દીકરીનું શોર્ટ શુટ રમી રહયું હતું. અને રિક્ષા લઈને ચાચા સરદાર પાર્ક પહોંચ્યા. ત્યાંથી થોડું ઘણું ખરીદીને જેવા બંને રિક્ષામાં બેસવા જાય ત્યાં એક ભાઈએ સાયરા ચાચીને અટકાવ્યા...બેન, તમે તો સાયરા બહેનને ? પેલા ભાઈએ પ્રશ્ન કર્યો. હા ભાઈ હું સાયરા જ પણ તમે કોણ ભાઈ ? સાયરાએ સામો પ્રશ્ન કર્યો. કેમ બેન...તમે મને લાગે છે ભૂલી ગયા છો...આપણા ગામડે મારા બાપાની એક કટલરીની સાવ નાની દુકાન હતી અને તમે ચાર-પાંચ સહેલીઓ અમારી દુકાનેથી બંગડી-બકકલ આવુ બધુ ખરીદતા. અમારા તમે જુના ગ્રાહક હતા બેન...નાની અમથી અમારી દુકાન તમારા જેવા ગ્રાહકોના

લીધે તો ચાલતી.. અને તરત સાયરાના મગજમાં ઝબકારો થયો. અરે આતો અમારા ગામના વાણિયા વસંતભાઈ છે. એ અહીં કયાંથી...મારૂં પિયર તાલુકાનું ગામ એટલે ગામમાં નાનું એવું બજાર અને એ બજારમાં નાની એવી આ વસંતભાઈના બાપાની નાની એવી દુકાન. પણ વસંતભાઈ તમે આમ આટલા વર્ષે અહીં કયાંથી ? ઓ બેન, અહિં સરદાર પાર્કમાં મારો રેડીમેઈડ ગારમેન્ટસનો ભવ્ય શો રૂમ છે એને તમારા પવિત્ર પગલે પાવન કરો બેન...ચાલો...તમો તો વરસો પહેલાના અમારા પ્રથમ ગ્રાહકમાંના એક. અને વસંતભાઈ સાયરાચાચી ને યાસીનચાચા તથા રિઝવાનાને લઈને પોતાના ભવ્ય શો રૂમ પર આવ્યા. યાસીન ચાચા તો આવો મોટો અને મોંઘો શો રૂમ જોઈને આસ્ચર્યમાં પડી ગયા. એમની નજર ત્યાં ઝુલતા રંગબેરંગી શોર્ટ શુટ પર પડી. રિઝવાના એ પણ એ શોર્ટ શુટ તરફ આંગળી ચીંધી. વસંતભાઈના શો રૂમમાં દસ જણીઓ તો કામ કરતી હતી. વસંતભાઈએ ચ્હા-નાશ્તો મંગાવ્યો અને જુના ગ્રાહકો એમના શો રૂમમાં આવ્યા એનો આનંદ એમના મુખ પર છવાઈ રહયો હતો.

અવનવા કપડાઓની હારમાળા જોઈને નાની મારી રિઝવાના પણ અંજાઈ ગઈ હતી. અંતે મેં જ વસંતભાઈને હિંમત કરી શોર્ટ શુટનો ભાવ પુછી જ લીધો. બે હજારની રેન્જથી શરૂ થઈને છેક પાંચ થી સાત હજાર ના મોંઘા શોર્ટ શુટ હતા છતાં મેં હિંમત કરી બે હજારવાળુ રિઝવાનાને ગમ્યું એવું શોર્ટ શુટ હાથમાં લઈને વસંતભાઈને કહયું, વસંતભાઈ આમ તો આપણી આજે જ ઓળખાણ થઈ અને કહેતા મને શરમ લાગે પણ અમારી ઈદ આવી રહી છે. પૈસાનો વેંત નથી. ફકત પાંચસો રૂપિયા છે. જો આપ કૃપા કરી આ ડ્રેસ મારી રીઝવાના માટે આપો તો મારી દિકરી રાજી થશે અને આ પાંચસો જમા કરો. પંદરસો બાકી. હું થોડા થોડા કરી તમને ચુકવી આપીશ. મારી વાત સાંભળી વસંતભાઈ બોલ્યા..અરે...બનેવી તમો આ શું બોલ્યા. જાવ..લઈ...જાવ...મારી ભાણીને મારા તરફથી ભેટ...એક રૂપિયો ન જોઈએ. પણ ઘણી આનાકાનીના અંતે મેં પાંચસો રૂપિયા તો વસંતભાઈને આપી જ દીધેલા. જતા જતા સાયરા બોલેલી...વસંતભાઈ વરસો પછી આપણો ભેટો થયો. હું અહીં પાસેના ગામડેજ રહું છું. તમો પણ મારે ત્યાં કદીક આવજો. તો વસંતભાઈ બોલેલા...અને હા બહેન...કયારે કંઈપણ જરૂર પડે મારો આ શો રૂમ તમારા માટે ખુલ્લો જ છે...આવતા રહેજો. રિઝવાના તો બેહજારનો ડ્રેસ જોઈને રાજી-રાજી થઈ ગઈ. અને આજે વરસો થયા એ પ્રજ્ઞા મેચિંગ સેન્ટરના માલિક વસંતભાઈ જોડે અમારો ઘર જેવો સંબંધ છે. જીોર આવીને મેં સાયરાને કહેલું, આ રિઝવાનાના ડ્રેસ માટે મારે કેટલી મહેનત કરવી પડી અને મળ્યું ફકત પાંચસોમાં જ ...અને એજ વર્ષે મારી રિઝવાનાએ એજ શોર્ટશુટ પહેરીને ઈદ મનાવેલી...વર્ષો થયા આ વાતને.

અને રવિવારે સાયરા-રિઝવાના એની બંને સહેલી ઉપડયા મુંબઈ કપડા ખરીદવા. ભાઈ ઈમરાને મોબાઈલથી પપ્પાને જણાવી દીધું હતું કે મમ્મી મુંબઈ પહોંચશે એટલે તરત એમને પાંચ લાખ રૂપિયા મળી જશે. બહેનની ખરીદીમાં કોઈ પણ જાતની કમી ન આવવી જોઈએ. અને સાચે જ એઓને મુંબઈમાં રોકડા પાંચ લાખ મળી ગયા. ત્રણેક દિવસ મુંબઈમાં રહીને ખરીદી કરી અને એક સાંજે સહુ ઘેર આવ્યા. બીજે દિવસે વહેલી સવારે યાસીનચાચાએ પોતાની લાડકી દિકરી રિઝવાનાને પુછી લીધું, બેન શું શું લાવી મુંબઈથી...તુ તો લગ્નના દિવસે પહેરવા માટે શરારા શુટ લેવા ગઈ હતી તે લાવી કે નહી ? રિઝવાના મરક મરક હસતા મુંબઈથી જે બેગ લાવી હતી એ હિંચકે બેસીને ખોલી..પણ આ શું...સાવ સાદા આઠ જોડ કપડા એ છેક મુંબઈથી લઈને આવી હતી. મેં એને એના લગ્નના ડ્રેસ વિશે પૂછયું તો કહે, પપ્પા...એ શરારા શુટ સત્તાવીશ હજારથી શરૂ થાય...જેવો જેવો શરારો...એટલે પપ્પા હું આટલો માઘો ન લાવી. આમ પણ ત્રણ હજારમાં અંકલેશ્વરમાં ભાડેથી મળે જ છે એ પહેરીશ. આમ ખોટા પચાસ-સાંઈઠ હજાર એક દિવસ માટે ખર્ચી નાંખવા એ કયાંની હોંશિયારી કહેવાય ? પણ દિકરી...ભાઈએ તો પૈસા મોકલેલા અને આવો લગ્નનો અવસર કયાં વારંવાર આવશે. તારે શરારા શુટ દિકરી લઈ આવવું જ હતું ને. મારી વાત સાંભળી રિઝવાનાની આંખો વરસી પડી. રડતા શ્વરે રિઝવાના બોલી...પપ્પા, વરસો પહેલા પેલા શોર્ટ શુટ માટે તમે કેવા હેરાન થયા હતા. ઈદ પર પહેરવા માટે મેં શોર્ટ શુટ તમારી પાસે માંગેલું અને તમો મારી મમ્મી જોડે ત્યાં છાને ખૂણે જે વાત કરી હતી કે ગમે એ થાય પણ દિકરી આ ઈદ ઉપર એનો મનપસંદ ડ્રેસ જ પહેરશે. આવી વાતો તમારી મેં સાંભળી લીધી હતી. આજે જયારે આપણે બે પાંદડે થયા. અલ્લાહે આપણા દિવસો સુખના કરી નાંખ્યા પણ પપ્પા...આપણી ગરીબી હું હજી ભુલી નથી...ભુલવાની પણ નથી. બસ મારે કોઈપણ જાતની ફુઝુલ ખર્ચી કરવી જ ન હતી એટલે આ સિમ્પલ કપડા લઈ આવી. દિકરીની આવી સાલસતા જોઈને યાસિન ચાચાની આંખો પણ ભીની થઈ ગઈ.

અને મહિના પછી રંગેચંગે રિઝવાનાના લગ્ન લેવાયા. ઈમરાન એના પરિવાર જોડે વતન પધાર્યો. સહુ સારા વાના થયા. રિઝવાનો ભાડુતી શરારો પહેરીને લગ્ન કર્યો એ વાતે ગામની ગરીબ કન્યાઓ પણ સાદગીભર્યા લગ્ન થાય એમ ઈચ્છવા લાગી. ગામ આખામાં રિઝવાનાની વાને લોકો વખાણ કરવા લાગ્યા. કેટલાક તો કહેતા પણ ખરા કે આ યાસિનભાઈની દિકરી માલેતુજાર હોવા છતાં સાવ સાદગીથી લગ્ન કર્યા...ન કોઈ જાતનો ભવાડો કે ન કોઈ જાતનો દેખાડો. ધન્ય છે આવી દિકરીઓને અને આ યાસિનભાઈની દિકરીને જોઈને બીજી દિકરીઓ પણ વિચારે તો સારૂં કે આવા કપરા મોંઘવારીના કાળમાં સાવ સાદા સિમ્પલ લગ્ન કરવામાં જ સાર રહેલો છે. ઈમરાનની પત્ની અને બાળકી જોડે મહિના પછી ઉપડયો પતંગીયની પાંખે અમેરીકા...યાસીન ચાચાના આંગણે ઉગીને સુકાયેલું એક તણખલું હવામાં ફરફર કરતું યાસીન ચાચા જોઈ રહયા. ▪

# ...ખામીઓ નહિ ખુબીઓ શોધીએ...

સાંપ્રત સમયમાં સૌથી મોટો જે રોગ છે તે બીજાની ભુલો શોધવાનો છે. હાલાકે ઇસ્લામ આ બાબતમાં તંબીહ કરે છે. અને સંસારનો નિયમ છે કે તમે બીજામાં ખૂબી શોધશો તો ખૂબીઓનાં માલીક બનશો અને બીજામાં ખામી શોધશો તો ખામીના માલીક બનશો.

દ્રષ્ટાંત જોઇએ તો એક વ્યકિતએ સમંદરને કહયું કે, સમંદર તારો નજારો તો રમણીય છે પણ તારુ પાણી જો ખારું ન હોત તો કેવું સારું થાત ! તે પછી તેણે કોયલને કહ્યું કોયલ તારો અવાજ ખૂબ જ સુંદર છે પણ તારો રંગ કાળો ન હોત તો કેવુ સારૂ થાત ! પછી તેણે ગુલાબને કહ્યું કે તારું રૂપ કેટલું સુંદર છે પણ જો તને કાંટા ન હોત તો કેવું સારું થાત ! ત્યારે સમંદર, કોયલ અને ગુલાબે ભેગા મળી એમ કહ્યું કે, હે માનવ તું કુદરતનું શ્રેષ્ઠ સર્જન છે પણ તારામાં જો આ લોકોની ખામીઓ જોવાનો દૂર્ગૂણ ન હોત તો કેવું સારું થાત. આ ઉદાહરણ ધ્વારા આપણે એ સમજવાનું છે કે આપણી લોકોની ખામીઓ જોવાની કુટેવ જતી જ નથી.

આ ખામીઓ શોધવાની આટલી દરકાર જો પોતાનાં પક્ષે રાખવામાં આવે તો આ માનવીને સંત બનતાં વાર ન લાગે. કેમ કે, સંત બનવા માટે સારા કર્મોની સાથો સાથ પોતાની ખામીઓ શોધી અંતર ને ઉજાગર કરવાની અત્યંત આવશ્યકતા રહેલી છે. આજે આપણામાનાં કેટલાં ટકા લોકો એવાં છે કે જે લોકોની ભૂલોને છુપાવે છે ?કેટલાં એવાં છે કે જેઓ લોકોની ખામીઓ છતી થવાં દેતાં નથી ? અને કહો આપણામાનાં કેટલાં એવાં છે જે લોકોની ઐબોને ઉછાળવાનું પસંદ કરતાં નથી ? બલ્કે આજે માહોલ જ એવો તૈયાર થયો છે કે, સૌને લોકોની ખામીઓ શોધી શોધીને તેને ટોક ઓફ ધ ટાઉન બનાવવાની મજા પડે છે. અને સમાજમાં અમુક માણસોને જાણે કે ફકત આ જ કામ માટે નિયુકત કર્યા હોય તેટલી પ્રમાણિકતાથી આ કાર્યને બખૂબી અંજામ આપતા હોય છે. જગ આખુંયે ટેકનોલોજીકલ જીવન જીવી રહયું છે ત્યારે આપણે કોણે શું ખાધુ અને કોણે શું પીધુંની તેહકીકનાં ચકકરમાં છીએ. ખુદાએ આપેલ સમજબુઝ યોગ્ય જગ્યાએ કામે લગાડવાને બદલે એ બુધ્ધિ કોકની ટાંગખીચાઇમાં વેડફાઇ જાય છે.

સમાજમાં ઘણાં અનિષ્ટો અને અસામાજિક કુટનિતિઓ પ્રવર્તે છે એની તો ખુબ ચર્ચાઓ થાય છે પણ આપણે ખુદ એ અસામાજિક બાબતો અને કુટનિતિઓનાં શિકાર છીએ એનાં પર કોઇનું ધ્યાન જતું જ નથી. લોકોની ખામીઓ જણાય તો તેવી વ્યકિતઓને એકાંતમાં જઇ સમજાવવાને બદલે તેને સમાજ સમક્ષ જાહેર કરવા માટેનાં રંગમંચો તૈયાર કરવામાં આવે છે. શું આ વાત ખોટી છે કે આપણે કોઇની પ્રસંશા ઉપર બે મીનીટ ટકી શકતાં જ નથી અને તેની ખામીઓ ઉપર તો કલાકો સુધી ભાષણો કરીએ છીએ ! કોક વ્યકિત કંઇક સારું કરે તો તેનાં વ્યકિત વિશેષને બદલે આખો સમાજ તેની ખામીને લોકો સમક્ષ મુકી વિવાદ વિશેષનું નવું પ્રકરણ ઉભું કરી દે છે તેવાં કિસ્સાઓ ક્યાં આપણી જાણ બહાર છે ! અને આ કિસ્સાઓમાં જૂઠને ભેળવી દઇ તેને વધુ સ્પાઇસી બનાવવામાં આવે છે. અને આ કામ કરનારા લોકો પોતાને બહું જ સમજદાર સમજે છે. પણ આમ કરી તેઓ પોતાની માનમર્યાદા તો ખોઇ જ છે સાથે ખુદાનાં ગુનેહગાર પણ બને છે.

એક વાત આપણે કેમ ભુલી જઇએ છીએ કે જેની ખામીઓને આપણે ઉછાળી રહયાં છીએ જો તેનામાં એ ખામી નથી તો એ તોહમત છે અને જો ખરેખર તે ખામી તેનામાં છે તો પછી આપણે તેની ગીબત કરી રહયાં છીએ. સરવાળે વાત કરનાર તો અલ્લાહનો ગુનેહગાર જ છે.કયાંક તો એ ગીબત કરે છેકયાંક તો પછી એતોહમત લગાડે છે.અને ગીબત કરનાર અને તોહમત લગાડનાર બંને અલ્લાહનાં ગુનેહગાર છે. હવે આવા મહાન માણસો પોતે કયા તબકકામાં આવે છે તે પોતે નકકી કરી લે. એટલે આ ખોટું નથી કે સાંપ્રત સમયમાં સમાજમાં બે જ વર્ગોનું ચલણ વધારે જોવા મળી રહયું છે.

એક તો તમાશો કરનાર અને બીજો વર્ગ તે તમાશો જોનાર. અને બંને વર્ગો ત્રીજાની બેઇઝઝતી કરવામાં અને તેને બદનામ કરવામાં કોઇ કસર છોડતાં નથી. હવે આવા તમાશાની સમસ્યાનો જો ઉકેલ લાવવામાં આવે તો સમાજ સુરક્ષિત અને તંદુરસ્ત બને. અને સુરક્ષિત અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે ત્રણ બાબતો આવશ્યક છે.

(૧) સમાજમાં પ્રવર્તમાન સામાજિક તત્વોનો નાશ કરવામાં આવે.

(૨) સમાજમાં સંસ્કાર મૂલ્યોનો ખુબ સારો સંચાર કરવામાં આવે અને તેનો અમલ સુપેરે થાય તેવી વ્યવસ્થા ઉભી કરવામા આવે.

(૩) આપણી મજલીસો અને મીટીંગોમાં કદી પણ અસામાજિક અને અભદ્ર ટિપ્પણીઓને સ્થાન ન આપવામાં આવે.

સુરક્ષિત સમાજનાં પાયામાં તેનાં સંસ્કાર મૂલ્યો અતિ મહત્વનો ભાગ ભજવે છે. અને ઇમાનનો તકાઝો પણ એ જ છે કે તમે તમારી આસપાસ કોઇ બુરાઇ કે ગુનોહ થતો જુઓ તો તે તમે હાથથી રોકી શકતા હોવ તો હાથથી રોકો, જો જબાનથી રોકી શકતા હોવ તો જબાનથી રોકો અને એ માટે પણ શકિતમાન ન હોવ તો કમસે કમ દિલમાં એને તમે ખરાબ સમજો. પણ આથી નીચે ઇમાનનો કોઇ દરજો નથી. આજે આપણી મજલીસો જોશો તો તે મજલીસોમાં લગભગ ૯૦ ટકા વાતો તેની ચાલતી હોય જે મજલીસમાં હાજર ન હોય.

આપણે શા માટે લોકોની જિંદગીનાં ફેસલ બની જઇએ છીએ એ બાબત સમજાતી જ નથી. હું તમે અને આપણે સહુ અલ્લાહનાં કોઇકને કોઇક રીતે અલ્લાહનાં ગુનેહગાર છીએ જ. તો આપણે બીજા ઉપર એવી બાબતોમાં કેવી રીતે આંગળી ઉથાવી શકીએ જ્યારે કે આપણે ખુદ એ ગુનાહમાં મુબ્તલા છીએ.અને આ બાબત કેમ ભૂલી જવાય કે આપણે કોઇકની તરફ એક આંગળી ઉઠાવી ત્યારે આપણી બાજુ ત્રણ આંગળીઓ હોય છે. અને નેક તે છે જે પોતાનાં ગુનાહોનો હિસાબ રાખે અને અન્યોનાં સારા કાર્યોનો હિસાબ રાખે. દરેકે દરેક વ્યકિતમાં કઇક ને કઇક ખૂબીઓ પડેલી હોય જ છે. બસ એની સાચી ઓળખ કયાંક વહેલી છતી થઇ જાય છે કયાંક થોડી વાર લાગે છે. અને આવી ખૂબીઓ ઓળખવા માટે સાચી અને સારી દિર્ઘદષ્ટિની આવશ્યકતા રહેલી છે. વ્યકિત શીખવા માંગે અને ખૂબી શોધવા ઇચ્છે તો નાના બાળકો પણ ઘણું બધુ શીખવી જાય છે અને ન શીખવા માંગે તો મોટા પ્રોફેસરો અને મૂફિતઓ પણ તેની ડૂબતી નૌકાને કિનારે લગાડી શકતા નથી. જયાં સુધી માણસ જો પોતે જ પોતાનાં અંતરને ઉજાગર કરવાનાં પ્રયાસો ન કરે ત્યાં સુધી કોઇ પણ મહાન વ્યકિત તેને સાચો માર્ગ બતાવી ન શકે.

વર્તમાન સમયમાં જો વ્યકિત પોતાના પક્ષે સદમાર્ગી જિવન ઇચ્છતો હોય તો તેણે ખુબીઓનાં માલીક બનવું પડે. અને આ ખુબીઓનાં માલીક બનવાનો સરળ માર્ગ છે કે લોકોમાં લોકોમાં ખુબી શોધો. ખુદ આકા (સ.અ.વ.) પોતાના સાથીઓ એવા સહાબામાં ખુબીઓ શોધતાં હતાં અને પછી એમની ખુબીઓની જાહેરમાં તારીફ પણ કરતાં હતાં. અને આપણા સાચા પથદર્શક તો આપણા નબી (સ.અ.વ.)છે જેમનાં નકશે કદમ પર આપણે ચાલવાનું છે. જે કામયાબીની સાચી મંઝિલ સુધી આપણને લઇ જશે.

તેથી આટલું કરીએ.....

... લોકોમાં ખુબીઓ શોધીએ.

... લોકોની ખામીઓને કદી ન ઉછાળીએ.

... ખામીઓ માટે ટીકા નહિ એકાંતમાં ટકોર કરો.

... ગુનોહ ખરાબ છે ગુનેહગાર નહિ. ગુનેહગારને આ ગુનાહથી કઇ રીતે રોકી શકાય તે માટે તેને સમજાવવામાં આવે.

... કોઇના પર ટીકાની આંગળી નહિ ઉઠાવીએ તે મદદનો હાથ લંબાવીએ.

... મને બધા મારાથી સારા લાગવા માંડે.

... આપણે જ ખુદ એવાં બની જઇએ જેવાં આપણે લોકોને જોવાં ઇચ્છીએ છીએ.

... ખુદ ભલા તો જગ ભલા.

(પટેલ મ.સાલેહ - ...નૂર લિંડીયાતવી...)

## ... હવે તો જાગી જઇએ ! ...

વર્તમાન સમયમાં આખું વિશ્વ જ્યારે આ કોરોનાની મહામારી સામે જઝુમી રહ્યું છે ત્યારે આપણા માટે આ મહામારીની સાતત્યતા જાણવી અને તેના ઉકેલ માટેના સ્ત્રોતો કયા છે એ જાણવું અતિ આવશ્યક છે.

માર્ચ-૨૦૨૦ થી નવેમ્બર-૨૦૨૦ આ નવ માસના સમયગાળામાં જે ઉતાર ચઢાવ આપણે સૌએ જોયા એ કયાં કોઇથી છૂપું છે. સમાજમાં લોકોના આર્થિક, સામાજિક, ધાર્મિક, વ્યવહારિક અને પારિવારિક જીવન પર જે અસર પડી છે એ આપણે સહુ જાણીએ છીએ. પણ શું આ હાલાત પાછળ આપણે જવાબદાર નથી ? ધાર્મિક સ્થળો શુધ્ધા બંધ થયા, ત્યારે આપણે બહુ ધમપછાડા કર્યા. શાના એ લગભગ કહેવાની જરૂર નથી. પણ હવે તો ધાર્મિક સ્થળો ખુલ્લા છે તો પણ મસ્જિદો ખાલી કેમ છે ?

આ મહામારી પાછળ આપણે અને આપણા આમાલ જવાબદાર છે. ખુદાની જમીન પર જ્યારે ગુનાહોનુ પ્રમાણ વધી જાય છેને ત્યારે અલ્લાહ અઝાબ મોકલે છે. અને ત્યારે સમગ્ર માનવજાતે ખુદાના પ્રકોપનો સામનો કરવો પડે છે.અને આ પ્રકારના પ્રકોપ મહામારી સર્જે છે. અલ્લાહ પરનું યકીન બગડે છે ત્યારે આમાલનો બગાડ પેદા થાય છે. અને આમાલનો બગાડ અલ્લાહનાં ગઝબને ખેચી લાવે છે. કુર્આનની એક પવીત્ર ઉપદેશ જેનો ખુલાસો વર્ણવું તો, શું મુસલમાનો માટે હજી એ સમય નથી આવ્યો કે તેમનાં દિલ અલ્લાહનાં ખોફથી ડરી જાય !

હવે હું પુછું છું કે, શું નેક આમાલનો સમય નથી થયો ? શું હવે જીવન અલ્લાહનાં હુકમ અને નબી (સ.અ.વ.) નાં તરીકા પર ગુજરે એની હજી આપણને આવશ્યકતા નથી જણાતી ! પ્લીઝ હવે અલ્લાહ તરફ વળીએ. એના વગર કોઇ આધાર નથી. કોરોનાની આ મહામારીએ આપણને ઘણું બધુ શીખવાડયું છે. એક વાતને ભૂલવી ન જોઇએ કે જે શહીદીન આ કોરોનાકાળમાં આ દુનિયાથી પરદો ફરમાવી ગયાં એમનું દફતર બંધ થઇ ગયું. અલ્લાહ એમની મગફીરત ફરમાવે. પણ અહીંયા પ્રશ્ન એ છે કે, શું આપણે મોતની મુલાકાત નથી કરવાની !શું આપણને મોત નથી આવવાની ? હજી આપણે સાવધ કેમ નથી થતાં ?

આટઆટલી ઉથલપાથલો જોઇ છતાં આપણે જાણે કશું જ ન થયું હોય એ રીતે બિન્દાસ્ત અને બે ફિક્ર જીવન જીવી રહયા છીએ. આપણા અસ્લાફ નેકીઓ કરીને પણ મોત અને આખીરતની ફિક્રમાં રેહતા અને આપણે ખૂદ ગુનાહોની સાથે આપણને જન્નતના ઠેકેદાર સમજીએ છીએ. શું તે યોગ્ય છે ?
આપણામાનો એક પણ એ વાતથી અજાણ નથી કે જેમ આજે આપણે કોઇકને ગુસ્લ આપ્યું તેમ એક દિવસ આપણને પણ ગુસ્લ દેવાશે.અને આજે કોકને કફન પહેરાવ્યું તેમ એક દિન આપણને પણ કોક કફન પેહરાવશે અને પછી કબરનાં હવાલે કરી દેશે. પણ આ કબર માટેની આપણી તૈયારી કેટલી છે ? કોણ અજાણ છે એ બાબતથી કે વિશ્વમાં રોજ નવાં ફિત્નાઓ જન્મ લઇ રહયા છે, અને કોણ તેથી અજાણ છે એ વાતથી કે કયામત કરીબ છે !! પણ આ માટેની આપણી તૈયારીઓ કેટલી ? માશાઅલ્લાહ કોઇક - કોઇક છે જે આ માટે તૈયાર છે, બાકી આખો સમાજ ગાફીલ છે.

આપણને હજીયે આ જહાનથી આટલો લગાવ કેમ છે ? અને હજીયે આપણામાં પૈસાનો આટલો પાવર કેમ છે !! હાલાકે જાણીએ છીએ કે અચ્છા અચ્છાને આ કાળ ભરખી ગયો.અને જનાર પાછા આવતા નથી. સિકંદર અને ચંગેઝખાન, હિટલર અને નેપોલીયન જેવાં કેટલાય નામવરોનું આજે નામોનીશાન નથી.તો હું અને તમે તો કશું જ નથી.
તો હજીયે આપણી મસ્જીદો ખાલી કેમ છે ? શું હજી આપણને આપણી તાકાતનું ઘમંડ છે ? ખૂબ નાફરમાનીઓ કરી લીધી. હવે તો ખૂદાનાં થઇએ ?
હવે તો જાગી જઇએ ?
(પટેલ મ.સાલેહ - ... નૂર લિંડીયાતવી ...)

# ●LET US LOOK FOR NEW WAYS TO FUND OUR VILLAGE MASAJID AND MADARIS

• ISMAIL AHMED LAMBAT, MANCHESTER, ENGLAND. Ph.(0161) 232 1876

Historically our SURTI SUNNI VOHRA villagers were not well-off but self-sufficient. They were able to make a living from the plots of land they had and though they knew very little about their religion they supported their local masajid and madaris and paid their imams and madaris teachers in cash and in kind.

Migration and the earnings it made possible, changed the long-established village system of earning a living from the land and supporting their masajid and madaris. From the late 1800's many Vohras joined fellow Vohras and others to seek earning opportunities in other countries. When those who migrated, started earning and remitting to their families and other relatives our villages started becoming dependent on what the migrants sent. From supporting their families migrants started supporting their village masajid and madaris and started providing funds to build new masajid, madaris, dar-ul-ulooms, provide their villages with piped water supplies, all weather roads, electricity supplies and anything else their villages were in need of or asked for.

We are not against migrants supporting their villages and making available whatever the villagers asked for, but we feel the continued support with 'no questions asked' helped the villages and villagers look economically well-off it prevented most of the villagers from making economic progress. We sincerely feel that the support provided by the migrants prevented many villagers from paying more attention to cultivating their lands or moving on to engage in non-traditional work and it also kept our villagers from realising the need to acquire secular education for their own improvement or to seek and obtain employment.

As migrants took upon themselves to pay for whatever their villages needed or wished to have they had no need to find money to pay the imams of their masajid, pay the madaris teachers who taught their children, find money to build or repair their masajid or madaris, contribute towards getting electricity supplies for their villages or find money for building new roads or pay towards repairing the roads.

Even those village-based families of migrants as well as those families which had no direct connections with migrants who were able to improve their economic standing did not see the need to contribute towards the construction and running costs of the masajid, madaris and everything else their villages had acquired with financial support from the migrants.

We feel migrants who supported their villages and continue to do so also should

take some of the blame for making their villages dependent. If attempts had been made to get the villagers to contribute towards the construction of places of worship, places of learning as well as anything else the villagers wished to have, we feel could had helped the villagers have responsibilities for whatever their villages came to have. We feel if a partnership approach between the villagers and the migrants had been taken.

The opportunity to involve villagers we feel migrants We feel there are many reasons why we Surti Sunni Vohras wherever we may live must encourage our village-based Vohra brothers and sisters to take on responsibilities for their village masajid, madaris and other facilities they have been provided with. No one can say that all our village-based brothers and sisters have no money. We feel that all will not have much money but there are those who are well-off. We can observe the prosperity of our villagers by the motor cars they drive, the houses many of them live in, the money they spend on sending their children to English medium teaching schools and the money they spend on celebrating the weddings of their children.

There is also a need for all Vohras settled in other countries to take account of the changes taking place around them. Many of the countries where our people have settled no longer provide chances for acquiring much economic progress.

There is also a great need for those settled in other countries to take into consideration the changes in thinking of the new generations. The younger generations will not have much affinity with the places from where their fathers and their grandfathers had migrated from. Many from the younger generations will also not know the names of the villages from where their forefathers had migrated from.

There is also a need to take into consideration that our young persons will be more willing to support other Muslims or anyone else who suffer from man made or natural disasters rather than support those who want to spend money.

## હમ કહાં જાયેંગે !

શામ હોને કો હૈ

લાલ સૂરજ સમંદર મેં ખોને કો હૈ

ઔર ઉસકે પરે કુછ પરિન્દે કતારેં બનાએ

ઉન્હી જંગલો કો ચલે

જિનકે પેંડો કી શાખો પે હૈં ઘોસલે

યે પરિન્દે વહીં લૌટ કર જાયેંગે,

ઔર સો જાયેંગે

હમ હી હૈરાન હૈં, ઈસ મકાન કે જંગલ મેં

અપના કોઈ ભી ઠિકાના નહીં

શામ હોને કો હૈ

હમ કહાં જાયેંગે

# દેશ - વિદેશના સમાચાર

## મોટાવરાછા

**શાદી મંગણી:-** સમીનાહ સુલેમાન અમલાની શાદી શાહ (મોસાલી) મુકામે ડૉ.સોએબ યુસુફ સુલેમાન આમલીવાલા સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ગુલામહુશૈન (છોટુ) કાસીમ અમલા ઉ.વ.આ.૫૮ નો કેનેડા ખાતે તથા અહમદ સુલેમાન અહમદ વોરાજી ઉ.વ.આ.૭૫ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## નાનીનરોલી

**ખુશ આમદીદ (જન્મ):-** ઝુબેર અ.રહીમ જાડા (કાપડીયા) ને ત્યાં સા.આફ્રિકા ખાતે છોકરીનો જન્મ નામ ઇકરા રાખ્યું છે.

**પરદેશથી આગમન:-** આસીફ અહમદ જાડા વતનની ટુંકી મુલાકાત લઇ સા.આફ્રિકા પરત ગયા છે.

## રાંદેર

**શાદી મંગણી:-** અસ્માબાનું અબુબકર જીવાની શાદી મુફતી મોહંમદ ઝકરીયા અબ્દુલકાદીર મીર સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** આયશાબીબી-મવ.અ.રહીમ સાદીકની છોકરી તે ઇસ્માઇલ લાલાની ઔરતનો લોસ એન્જલસ ખાતે,મરીયમબીબી -કાસમ મીયાં મીચલાની છોકરી તે સુલેમાન મોરીયાની ઔરતનો લંડન ખાતે, આયશાબીબી-ઇબ્રાહીમ અહમદ સુરતીની છોકરી તે મોહંમદ બસા (લાલુ બસા) ની ઔરતનો યુ.કે.ખાતે, હવાબીબી-મોહંમદ સુરમાની છોકરી તે આરેફ ગુલામ


**ફ્લેટ વેચવાનો છે**

**બારડોલીમાં ફ્લેટ વેચવાનો છે.**

૧ બેડ રૂમ (લાર્જ સાઇઝ), કીચન, ટોઇલેટ, બાથરૂમ, સીટીંગરૂમ તેમજ બાલ્કની

લીનીયર બસ સ્ટેન્ડથી પાંચ મીનીટના અંતરે ગાંધી રોડ અને આશીયાના કોર્નર પર, ફાતમા ટાવર, બીજા માળે, બારડોલી.

**:: સંપર્ક કરો ::**

**99256 74215**

**WHATS APP**

**+ 01 9056727784**



*મસ્જીદ તથા મદ્રેસાઓ માટે ખુશ ખબર*

અનેક જાતની વેરાઇટીઝ,
લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એક્રેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

**નોંધ:** આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

*-:: શો રૂમનું સરનામું ::-*

**આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ**

૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ,
બાટા શુઝની સામે,ભરૂચ
ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪
મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯,૭૯૮૪૧૬૮૫૭૭

મોહંમદ ઓલ્યાની ઔરતનો અમેરીકા ખાતે,મોહંમદ કાસીમ નાનાનો મીલ વેલી ખાતે, અબુબકર કાસીમ આરીફનો પેરીસ ખાતે, ખદીજાબીબી (લાલગોરીબેન) - ગુલામમોહંમદ ઇબ્રાહીમ સુરતીની છોકરી તે ઇસ્માઇલ અહમદ મકકીની ઔરતનો બોલ્ટન ખાતે,હાજી સુલેમાન મોહંમદ સાલેહ ભામ (સુલ્લુ મોટા ભામ) તથા ઇબ્રાહીમ અહમદ મમુન (જનાબ) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## વરીયાવ

**ખુશ આમદીદ (જન્મ):-** યુસુફ અ.ખાલીદ બાગીયાને ત્યાં સા.આફ્રિકા ખાતે છોકરાનો જન્મ નામ ઝેદાન,શેહજાદ ફારૂક માયાતને ત્યાં છોકરીનો જન્મ નામ આમીરા,ઝહીર મુસ્તાક (લાલા) મુલ્લાને ત્યાં છોકરીનો જન્મ નામ મલીહા તથા હુશૈન (બિલાલ) મણીની છોકરી ઝુલેખા એઝાઝ (બાબા) જીનવાલાને છોકરાનો જન્મ થયો છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** અ.રહેમાન કાસમ સુરઇનો કરાંચી ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## સાચણ

**ઇન્તેકાલે પુરમલાલ:-** યુનુસ ઇબ્રાહીમ મોતાલા ઉ.વ.આ.૭૩,ઇબ્રાહીમ ઇસ્માઇલ પટેલ ઉ.વ.આ.૭૩ નો બ્લેકબર્ન-યુ.કે. ખાતે તથા મૌ.મોહયુદ્દીન મુસા મોતાલા ઉ.વ.આ.૭૭ નો કેનેડા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** હનીફ યુસુફ મનખ એમની દિકરી સાથે કેનેડાથી આવ્યા છે.

**પરદેશ ગમન:-** યાકુબ દાવુદ હાંસલોદ સા.આફ્રિકા પરત તથા દાવુદ સઇદ દેસાઇ કેનેડા પરત ગયા છે.

## આલુંજ

**શાદી મંગણી:-** ઝુબેર યાકુબ જોગીયાતની શાદી કરંજ મુકામે ખદીજા હાંસલોદ સાથે તથા આઇશા દાવુદ ટોપીયાની શાદી પાનોલી મુકામે નોમાન યાકુબ માસરા સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** સોહેલ યુસુફ લેહરીને ત્યાં સા.આફ્રિકા ખાતે છોકરાનો જન્મ નામ યાહયા,હુઝૈફા

## ઇન્તેકાલે પુરમલાલ

- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તથા સોસાયટીને દર વર્ષે મદદરૂપ થનાર તેમજ **જનાબ યુસુફભાઇ મોતાલા સા.** ના વેવાઇ સાયણના વતની અને હાલ કેનેડા સ્થાઇ **જનાબ મૌ.મોહયુદ્દીન મુસા મોતાલા સા.** નો **તા.૦૨-૧૧-૨૦૨૦** ના રોજ **કેનેડા** ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

  મર્હુમે સાયણ,નવસારી તથા છેલ્લા ૩૦ થી ૩૫ વર્ષથી કેનેડા ખાતે અબુબકર મદ્રેસામાં તથા ૭૦ મુસલ્લામાં ઇમામત કરી હતી.

  **અલ્લાહપાક મર્હુમની બાલ- બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.**

- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જનાબ મોહંમદઅલી એચ. દરસોત સા. (સંજાલી) કેનેડા** ના બહેન **મોહતરમા હવાબહેન મુસા માંજરા (મોસાલી)** નો **તા. ૧૫-૧૧-૨૦૨૦** ના રોજ **સંજાલી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

  **અલ્લાહપાક મર્હુમાની બાલ- બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.**

ઇલ્યાસ જોગીયાતને ત્યાં છોકરાનો જન્મ નામ મોહંમદ તથા અયાઝ ઐયુબ નોરાતને ત્યાં છોકરાનો જન્મ થયો છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ઇબ્રાહીમ સુલેમાન ટોપીયા નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** તોસીફ કાસમ ટોપીયા પેરીસથી તથા રીઝવાન ઇબ્રાહીમ ટોપીયા સા.આફ્રિકાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** સુમૈયા મો.હનીફ ટોપીયા (વડવાલા) સા.આફ્રિકા ,સુફીયાન શબ્બીર ટોપીયા, રોકૈયા ઉમર નોરાત તથા સુમૈયા શાહીદ નોરાત એમના ફરજંદ સાથે મલાવી ગયા છે.

## કઠોર

**શાદી મંગણી:-** અબ્દુલ્લાહ મૌ.ઇસ્માઇલ અસ્માલની શાદી મારીયા દાવુદ રંદેરા સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** મઆઝ સુલેમાન ડોબા ને ત્યાં છોકરીનો જન્મ નામ ઉમૈસા રાખ્યું છે.

**પરદેશ ગમન:-** મોહંમદ ઇસ્માઇલ દીનાથ યુ.કે.ગયા છે.

**અન્ય:-** ઘણીજ ખુશીની સાથે આપણા ગામના દેશ-વિદેશના તમામ સહાયરૂપ મુસલમાન ભાઇઓને જણાવવાનું કે આપણી ધી કઠોર મુસ્લિમ કોમ્યુનિટી ડેવલપમેન્ટ ટ્રસ્ટની સંસ્થા આયોજીત સામુહીક નિકાહનાં પ્રોગ્રામનું આયોજન જાન્યુઆરી-૨૦૨૧ માં કરવા જઇ રહયા છીએ.

## સંજાલી

**ખુશ આમદીદ (જન્મ):-** લુકમાન મોહંમદઅલી દરસોતને ત્યાં કેનેડા ખાતે છોકરીનો જન્મ થયો છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** હવાબહેન મુસા માંજરા (મોસાલી) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

### રમઝાન - ૨૦૨૦ માં સોસાયટીને મળેલી મદદ

| | | |
|---|---|---|
| ૫,૦૪૦ | જ. સઇદ ઐયુબ ગોરી સા. | ન.કરારવેલ |


હવે અમારી દુકાનમાં અવશ્ય

(દુકાન) : 0261-2452155
મો. ઉમર : 98794 56530
E-mail : libas1978@gmail.com

કફની - પાયજામા, પઠાણી સૂટ,
અરબી ઝબ્બાની "ઈન્ડીયન તેમજ ઈમ્પોર્ટેડ"
કાપડની વિશાળ રેન્જ મળશે.
હજ માટે એહરામનું કાપડ, ટુવાલ
અને બેલ્ટ મળશે.
અમારી એક વખતની મુલાકાત ઈન્શાઅલ્લાહ
આપને લાભદાયી થશે.

સ્થાપના : ૧૯૭૮
લિબાસ

૧૨/૫૩૬, બડી મસ્જીદ (મરકઝ) ની સામે, રાણીતલાવ મેઈન રોડ, સુરત-૩. (ગુજરાત-ઈન્ડિયા)


## બાટલી - યુ.કે.

રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા

**ઇન્તેકાલે પુરમલાલ:-** લાજપોરના ઇસ્માઇલભાઇ દાઢીવાલા તથા ઇસ્માઇલભાઇ રાજા ડાભેલવાલા અને હવાબુ હસન લુણત આલીપોરવાલાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## જઝાકુમુલ્લાહ

### ઝકાત

| | | |
|---|---|---|
| ૩,૦૦૦ | મીસ. ફરહત મોહંમદ ડાયમાકુમાર સા. | વડોદરા |
| ૧,૦૦૦ | જ. ઇબ્રાહીમભાઇ મોરીઆ સા. | રાંદેર |
| ૧,૦૦૦ | મે. સીમકો એજન્સી | વડોદરા |
| ૧૫૦ | એક મુસ્લિમભાઇ તરફથી | તડકેશ્વર |

### લીલ્લાહ

| | | |
|---|---|---|
| ૧,૫૦૦ | જ. અસલમ અનવર પટેલ સા. | બરબોધન |

### બેવાફંડ

| | | |
|---|---|---|
| ૫૦૦ | જ. મો.સલીમ અહમદ હાફેજી સા. | કડોદ |

અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો બંન્ને જહાનમાં અતા ફરમાવે.આમીન.

## આંકડોદ


**શાદી મંગણી:-** યુસુફ હનીફ કાઝીની શાદી ઉમરવાડા મુકામે, શાકીર મૌ.સાદીક કાઝી (માસ્તર) ની શાદી ઉમરવાડા મુકામે,હન્ઝલા અ.રશીદ કાઝીની મંગણી ખરોડ મુકામે તથા તસ્લીમા અ.રશીદ કાઝી (માસ્તર) ની મંગણી બૌધાણ મુકામે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ફરીદા (છોટી) અહમદ કાઝીનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## ઉમરવાડા

**શાદી મંગણી:-** મૌ.મુફતી મોહંમદ સુલેમાન ગંગાત (ઘડીયાળી) ની શાદી નાનીનરોલી મુકામે યુસુફ પટેલની નેક દુખ્તર સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** મોહંમદ ઇશાક ગંગાત (નાના) ને ત્યાં છોકરાનો જન્મ નામ માહીર રાખ્યું છે.







## DONATION RECEIVED FROM OUR BROTHERS OF DEWSBURY - BATLEY - U.K. FOR THE SOCIETY

We are glad to inform that during the holy **Ramadan-2020**, the society received of **Rs. 1,41,786 /-** as donation from **Dewsbury, Batley, U.K.** through **Mr. Mohammed Ismail Pandor Saheb (Jitaliwala). Jazakumullah.**

| PARTICULAR | AMOUNT |
|---|---|
| BEWAFUND | 72,345 |
| SCHOLARSHIP | 52,291 |
| VOHRA SAMACHAR | 8,600 |
| MEDICAL RELIEF | 8,550 |
| TOTAL POUND | 1,41,786 |

May Almighty Allah accept all those who have helped our society and give barkat in their Halal earning and give the best rewards in both the worlds. **Ameen.**

## ડયુઝબરી - બાટલી - યુ.કે.ના આપણા ભાઇઓ તરફથી સોસાયટીને મળેલી મદદ

અમને જણાવતા આનંદ થાય છે કે રમઝાન ૨૦૨૦ માં ડયુઝબરી- બાટલી, યુ.કે. માંથી જનાબ મોહંમદ ઇસ્માઇલ પાંડોર સા. (જીતાલીવાલા) હસ્તે સોસાયટીને રૂા.૧,૪૧,૭૮૬/- મળ્યા છે. જઝાકુમુલ્લાહ.

| વિગત | રકમ |
|---|---|
| બેવાફંડ | ૭૨,૩૪૫ |
| સ્કોલરશીપ | ૫૨,૨૯૧ |
| વહોરા સમાચાર લાવાજમ | ૮,૬૦૦ |
| તબિબિ સહાય | ૮,૫૫૦ |
| કુલ | ૧,૪૧,૭૮૬ |

અલ્લાહપાક કૌમની આપણી આ સંસ્થા વહોરા સોસાયટીને મદદ આપનારા તથા મદદ અપાવનારા તમામ નામી અનામી સાહેબોની હલાલ રોઝીમાં બરકત આપે અને બન્ને જહાંનમાં એનો બહેતરીન બદલો અતા ફરમાવે. આમીન.

આશા રાખીએ કે આપની નેક ખૈરાતોમાં કૌમના ગરીબ, બિમારો, બેવાઓને મદદ આપતી આપણી સંસ્થાને જરૂર યાદ રાખશો.

**આપ સૌના સાથ,સહકાર, વિશ્વાસ અને સ્નેહનાં સથવારે**
**સફળતા પૂર્વક ૧૪ વર્ષથી માછલીપીઠ, લાલગેટ, સુરત ખાતે કાર્યરત**



# ડૉ.(મીસીસ) બીજલ બી. લશ્કરી

**બી.ડી.એસ.,એમ.ડી.એસ. (અમદાવાદ) કન્સલ્ટન્ટ ડેન્ટલ સર્જન**

## શીફા મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ કલીનીક


**સહર્ષ આપની સેવામાં હવેથી નવા નામ, નવા સરનામે નવા રંગરૂપ સાથે પ્રસ્તુત કરે છે.**

EXCELLENCE IN DENTISTRY

# WORLD OF SMILES Oral & Dental Care Centre

**૧૧/૧૧૭૧, દરિયામહેલ લેન,જીલ્લા પંચાયતની સામે,નાણાવટ ચાર રસ્તા, મુગલીસરા, સુરત - ૩૯૫૦૦૩, સંપર્ક :- Cell : 63520 07253, 92281 32541**

**નવા દવાખાનાની વિશેષતાઓ :** ● નાણાવટ ચાર રસ્તા, દરિયામહેલ જેવા શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત (જુના દવાખાનાથી માત્ર ૮૦૦ મીટરના અંતરે) ● સંપૂર્ણ A.C.કિલનીક ● લિફટની સગવડ ● દાંત સારવાર માટેના તમામ શ્રેષ્ઠ સાધનો સગવડોથી સજ્જ ● બાળકોની દાંતની તમામ સારવાર માટે અલગ કેબીન/ સાધનો ચેર-યુનિટ,સુંદર લાઇટીંગ, મજાનાં રમકડાં, રંગબેરંગી દિવાલો, ગેમ્સ વગેરેના કારણે બાળકોની દાંતની તમામ સારવાર તેમજ માતા પિતા માટે પણ સુખદ અનુભવ ● પાર્કિંગ માટે પુરતી જગ્યા.



**સ્ત્રીઓ માટેની વિશેષતાઓ:**

● કવોલીફાઇડ અને અનુભવી લેડી ડેન્ટીસ્ટ (MDS) અને લેડી આસીસ્ટન્ટ દ્વારા દાંતની તમામ સારવાર.

**કલીનીક નો સમય : સોમવાર થી શનીવાર બપોરે 11.30 થી સાંજે 6.30**


## વર્લ્ડ ઓફ સ્માઇલ્સ ઓરલ એન્ડ ડેન્ટલ કેર સેન્ટરમાં ઉપલબ્ધ સુવિધાઓ

❀ પીડા રહીત રીતે દાંત-દાઢ પાડવો/રહી ગયેલા મૂળ કણી કાઢવી.❀ સડેલા દાંતમાં સિમેન્ટ - ચાંદી પુરવી/લાઇટ કયોર ટ્રીટમેન્ટ (દાંતના રંગનું ફિલીંગ) ❀ સડેલા દાંત બચાવવા માટે દાંતના મૂળની સારવાર રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (R.C.T.) ❀ એક્ષ-રેની સુવિધા ❀ દાંતની સફાઇ (સ્કેલીંગ) ❀ પાયોરીયા તથા પેઢાના અન્ય રોગોની સારવાર ❀ દર્દીઓને ઇન્ટ્રાઓરલ કેમેરા દ્વારા ટી.વી.સ્ક્રીન પર તેમના દાંત તથા મોઢાની તકલીફોનું પ્રત્યક્ષ નિદર્શન ❀ ક્રાઉન તથા બીજ (ખોલી અને ફિકસ ચોકઠુ) ❀ આખું કે આંશિક ચોકઠુ (બત્રીસી) ❀ પીળા દાંત તથા દાંતના ડાઘની સારવાર (પોલીશીંગ,વ્હાઇટનીંગ) ❀ ડહાપણની દાઢની સારવાર ❀ સગર્ભા સ્ત્રીઓમાં થતાં દાંતના પ્રશ્નો,જેવા કે દાંતનો સડો,પેઢા ફુલી જવા,પેઢામાંથી લોહી નીકળવું, મો ની દુર્ગંધ, આવનાર બાળકના દાંતની તન્દુરસ્તી માટે માર્ગદર્શન ❀ બાળકોમાં થતા દાંતના પ્રશ્નો,જેવા કે દૂધિયા દાંત સડવા,ખોટી આદતોથી વાંકાચૂકા દાંત ઉગવા, સડેલા દાંતમાં ચાંદી અને RCT

**કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રી-સ્માઇલ ડિઝાઇનીંગ** (લેસર બ્લીચીંગ,વિનીયરીંગ, કમ્પોઝીટ ફિલીંગ, ગન સર્જરી) ❀ પાન,તમાકુ,ગુટખાને લીધે ન ખુલતા મોંની સારવાર ❀ ઠંડા પીણા, આઇસ્ક્રીમ ખાતા દાંતમાં થતી ઝણઝણાટી, દુ:ખાવો વિગેરે સારવાર ❀ માત્ર ૩૦ મિનિટમાં આપના દાંતને મોતી જેવા સુંદર બનાવતી ❀ અત્યાધુનિક સારવાર (ડેન્ટલ બ્લીચીંગ) ❀ ડેન્ટલ ઇમ્પ્લાન્ટ્સ (સ્ક્રુ વડે કાયમી દાંત બેસાડવા) કેબીન/ સાધનો, ચેર યુનિટ ❀ અત્યાધુનિક ક્રાતિકારી લેસર વડે દાંતની સારવાર ચમત્કારીક પીડારહિત પરિણામો સાથે

જા. X ખ.


કોસ્મેટીકસ


ડેન્ટલ ઇમ્પ્લાન્ટસ્


સ્માઇલ્સ ડીઝાઇનીંગ


ડેન્ટલ વ્હાઇટનીંગ


ઓર્થોડોન્ટીક

## જઝાકુમુલ્લાહ

**કેનેડાથી જનાબ મહમદભાઇ યુ.વડીઆ સા.એ ચંદો કરી સોસાયટીને રૂા.૩ લાખ ૫૪ હજાર ૭૩૩ મોકલ્યા.**

કોમી કાર્યકર અને સોસાયટીના હિતેચ્છુ **જનાબ મહમદભાઇ યુ.વડીઆ સા.** એ ઉપરોકત રકમ સ્ટેટબેંક ઓફ ઇન્ડિયાથી સોસાયટીના બેંક ખાતામાં મોકલી છે. વાયરસના કારણે આ વર્ષે નજીક તથા દુરના સ્થળોએ ઘરે ઘર ફરી શકાયું નહીં તેથી દર વર્ષ કરતા નાની રકમ મોકલી તેનું દુ:ખ અનુભવે છે. ફોનથી દાતાઓનો સંપર્ક કર્યો હતો. સમજદાર દાનવીરો ઘરે આવી અથવા પોસ્ટથી મદદની રકમ આપી**જનાબ યુસુફભાઇ મોતાલા સા.,જનાબ ઐયુબભાઇ વહોરા સા.,જનાબ અહમદ સાલેજી સા., જનાબ મોહંમદઅલી દરસોત સા**અને**જનાબ અહમદ એમ.વડીઆ સા.**એ ચંદામાં સાથ આપ્યો છે. દાતાઓનો, સાથ-સહકાર આપનારાઓનો અને મહમદભાઇ વડીઆ સા. નો આભાર. આલ્લાહ આ હઝરતોને બહેતરીન બદલાથી નવાઝે એજ સોસાયટી પરિવારની દુઆ છે. શિક્ષણ થકી પ્રગતિ અને સુખનો માર્ગ ચીધતી સોસાયટીને સૌએ મદદ કરવી જોઇએ. દેશ-પરદેશમાં પોતાના વિસ્તારોમાં નાના-મોટા સૌ ભાઇ-બહેનોએ ચંદાની મહેનત કરી રકમ પ્રાપ્ત કરી સોસાયટીને મોકલવાથી વધુ સેવા સેવાભાવી કાર્યકરો કરી શકે અને ઓફીસના મિત્રોને કામમાં મસગુલ રાખી શકાય. અલબત ઉપયોગી કામો થઇ રહયા છે પરંતુ પ્રશ્નોના પહાડો જોતા તે પુરતા નથી તેમાં ઇજાફો કરીએ. સારી સંસ્થા માટે ચંદાની મહેનત ન કરવાથી દાતાઓ કમીશનથી કામ કરનારઓની તારીફથી ખુશ થઇ ગમે તેવી સંસ્થાને દાન આપી દે છે.

- **જનાબ સલીમભાઇ એફ.પટેલ સા. આલીપોર** તરફથી **રૂા.૨૦,૦૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ**માં તથા **રૂા.૩૦,૦૦૦/-** બેંકવ્યાજના એ.વાય.દાદાભાઇ કોલેજ માટેમળ્યા છે.
- **જનાબ ઇરફાન મૌ. ઇલ્યાસ તાડવાલા સા. વસરાવી** તરફથી **રૂા. ૨૩,૦૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ**માં મળ્યા છે
- **જનાબ સલીમ અહમદ જીનવાલા સા. કોસમડી** તરફથી **રૂા.૧૪,૬૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ** માં **જનાબ અહમદભાઇ ઉનીયા સા.** હસ્તે મળ્યા છે.

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો બંન્ને જહાનમાં અતા ફરમાવે.આમીન.**

## સોસાયટીમાં મદદ મોકલવાનું ઠેકાણું

**ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી**

**સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

## પરદેશ માટે

***UNION BANK OF INDIA***

***STATION ROAD BRANCH,SURAT - 395003, GUJARAT- INDIA***

***ACCOUNT NO.* - 311302010006567**

**BANK SWIFT CODE. :- UBININBBSUR**

## દેશ માટે

**યુનિયન બેંક ઓફ ઇન્ડિયા**

**સ્ટેશન રોડ બ્રાન્ચ,સુરત - ૩૯૫૦૦૩, ગુજરાત - ઇન્ડિયા**

**એકાઉન્ટ નંબર - ૩૧૧૩૦૧૦૧૦૦૩૦૦૨૫**

**IFSC CODE :- UBIN05311380**


Phone No.0091-261-2420097/2424458 Fax No.0091-261-2450222 DECEMBER - 2020

VOHRA SAMACHAR VALID UP TO 31-12-2020.
Licence No.040 inland 081 For Foreign
PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT
RNI No.9372/57"Registerd No.SRT-004/2018 -2020"
2600 Copies Posted at SR RMS at 3rd of Every month
on date of posting 03 -12 - 2020

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**

*દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૧૫૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂા.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૨૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૩૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂા.૧૫.૦૦*

## આપણા સમાજનું ગૌરવ



B.com

**રાંદેર** ના વતની **યાકુબ અહમદ સઇદ સાદક** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ B.com ની પરીક્ષા ઇવનીંગ કોમર્સ કોલેજ, સુરતમાંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

## વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું

**વહોરા સમાચાર**

**સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**એકાઉન્ટ નંબર:- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩**

**IFSC CODE :- BARBOSUFIBA**

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાનીફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે મુજબના ફોન નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપર સંપર્ક કરી શકો છો.

**મોબાઇલ નં. 098241 84657**

**E-mail:- vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com**

## વહોરા સમાચારના જાહેરાતના દરો

**આખુ પેજ રૂા.૨૦૦૦** **અડધુ પેજ રૂા.૧૨૦૦** **પા પેજ રૂા. ૬૦૦**

**નોંધ:-** વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિકકા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

## વહોરા સમાચારના પ્રતિનિધી જોગ

**વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.**